N. B. Karani's Translation Series.

A GUIDE TO THE NEW Royal Readers, No. III.

CONTAINING

ALL THE WORDS, PHRASES AND IDIOMS, WITH THEIR MEANINGS IN ENGLISH AND GUJARATI AND CORRECT PRONUNCIATIONS IN GUJARATI AND ROOTS OF WORDS DERIVED FROM LATIN, GREEK AND FRENCH; TOGETHER WITH GUJARATI TRANSLATION OF 1st. 50 PAGES; GIVING THE PUPIL EVERY FACILITY AND ALL THAT IS REQUIRED TO GO SMOOTHLY THROUGH THE TEXT.

Bombay:

PUBLISHED AND SOLD BY,

NANABHAI BEJANJI KARANI;

Book Seller, Publisher &c.

33, DHOBI TALAO.

Price 10 Annas.

THE JAMSETJEE N. PETIT PARSEE ORPHANAGE CAPTAIN PRINTING WORKS.

N. B. Karani's Translation Series.

A GUIDE

TO

The New Royal Readers, No. III.

GIVING

The Pupil *every* facility and *all* that is required
to go smoothly through the Text

Bombay:
NANABHAI BEJANJI KARANI;
(Successor to ERACHSHA KARANI & Co.)
Book-Seller & Publisher,
33, Dhobi Taláo.

Price 10 Annas.

NANABHAI BEJANJI KARANI,

Book-Seller and Publisher,

33, Dhobi Talao, BOMBAY.

BOMBAY — J N. PETIT PARSI ORPHANAGE
CAPTAIN PRINTING WORKS, LAL-BAUG.

Explanation of the Abbreviations used in the Book.

આ ચોપડીમાં ટુકમાં જણાવેલા શબ્દની સમજ.

a. stands for adjective, વિશેષણ.

ad. or adv. ,, adverb, ક્રિયાવિશેષણ અવ્યય.

com. p. p. ,, compound perfect participle, સંયુક્ત ભૂત કૃદંત.

conj. ,, conjunction, ઉભયાન્વયી અવ્યય.

ger. ,, gerund, કૃદંત.

inf. ,, infinitive, સામાન્ય કૃદંત

interj. ,, interjection, કેવળ પ્રયોગી અવ્યય.

n. ,, noun, નામ.

p. a. ,, participial adjective, કૃદંતી વિશેષણ.

p. p. ,, participle perfect, ભૂત કૃદંત.

p. pr. ,, participle present, વર્તમાન કૃદંત.

prep. ,, preposition, શબ્દયોગી અવ્યય.

pron. ,, pronoun, સર્વનામ.

v. ,, verb, ક્રિયાપદ.

v. i. ,, verb intransitive, અકર્મક ક્રિયાપદ.

v. n. ,, verbal noun, કૃદંતી નામ.

v. t. ,, verb transitive, સકર્મક ક્રિયાપદ.

v. t. pas. ,, verb transitive passive, સકર્મક ક્રિયાપદ શબ્દભેદ.

Prefixes.

Ab,	away from.
Ad,	to.
Ambi,	round about.
Ante,	before.
Anti,	against.
Be,	by the side of.
Con,	together.
Contra,	against.
De,	down.
Dis,	apart, asunder.
E, *Ex*,	out of.
En,	to make.
Extra,	beyond.
In,	into.
In,	not.
Intra, *Intro*,	within.
Mis,	not, bad.
Ne,	not.
Ob,	in the way of.
Per,	through.
Pre,	before.
Pro,	forth, before.
S*e*,	away from, apart.
S*ine*,	without.
S*ub*,	under.
S*uper*,	above.
S*yn*,	together.
Trans,	beyond.
Un,	not.
Ve.	out of.

A GUIDE

TO

THE NEW ROYAL READERS, NO. III.

A Father's Love.

બાપનો પ્યાર.

Father's, *n.* (ફાધર્સ) બાપનો, of a father.

Was seen. *v. t. pas.* (વૉઝ સીન) દેખાયો, appeared.

Driving, *p. pr.* (ડ્રાઇવિંગ) હાંકતો, urging on; impelling.

Wild, *a.* (વાઇલ્ડ) બેકાબુ, મસ્તીખોર; unruly; excited.

Excited, *p. p.* (એક્સાઇટેડ) ઉશ્કેરાયલો, જોસ્સામાં આવેલો; stirred up. L. *Ex, cito* I call.

Plunged, *v. i.* (પ્લન્જ્ડ) પાછળા પગો ઉંચા કરી પોતાનું શરીર આગળ ઝોકાવ્યું. threw its body forward and its hind legs up. [hind feet.

Reared, *v. i.* (રીઅર્ડ) પાછળા પગે ઉભો રેહેતો, stood on its

At length, *adv.* (ઍટલેંગ્થ) આખરે, at last. [ran away.

Broke away, (બ્રોક અવે) છુટો થઈ નાસી ગયો, got free and

Hold it in, (હોલ્ડ ઇટ ઇન્) તેને થોભાવવું, stop it; bring it to a stand.

Wrapped, *v. t.* (રૅપ્ડ) વિંટાલી, wound; folded.

Wrist, *n.* (રિસ્ટ) પોંહોંચો; કાંડું, the joint by which the hand is united to the arm.

Rein, *n.* (રેન) લગામ, strap of the bridle. [strong.

Efforts, *n.* (એફર્ટ્સ) કોશેસ, endeavours. L. *Ex, fortis*

Hold, *v. t.* (હોલ્ડ) પકડવું, seize.

Let go, જવા દો; પકડેલું છોડી દો, quit your hold.

Bystanders, *n.* (બાઈ સ્ટૅન્ડર્ઝ) ઉભા રહી જોનારાઓ, lookers-on.
Heeded, *v. t.* (હીડેડ) દરકાર કીધી, minded.
With all his strength, પોતાનાં સઘળાં જોરથી, with as
much strength as he had. [below the ribs.
Waist, *n.* (ვેસ્ટ) કમ્મર, the part of the human body,
Was caught, *v. t. pas.* (વૉઝ કૉટ) પકડાયો, was seized.
Around, *prep.* (અૅરાઉન્ડ) આસપાસ, about.
Worth, (વર્થ) કિમ્મતવાળી, valued.
Blood, *n.* (બ્લડ) લોહી ; રૂધીર, the red fluid which circulates through the arteries and veins of men and animals.
Gush, *inf.* (ગશ) નિકળવું, issue ; flow ; come out.
Tried, *v. i.* (ટ્રાઈડ) કોશેસ કીધી, attempted ; strove ; endeavoured
Hard, *adv.* (હાર્ડ) કઠણાઈથી ; સખત રીતે, laboriously.
Crowd, *collective noun.* (ક્રાઉડ) ટોળું, a body or a multitude of people. [assembled.
Gathered, *v. i.* (ગૅધર્ડ) જમાવ થયું ; ભેગું થયું, collected ;
Was asked, *v. t. pas.* (વૉઝ આસ્કડ) પુછવામાં આવ્યું, was
questioned. [to ; is deserving of.
Is worth, (ઇઝ વર્થ) (ની) કિમ્મત થાયછે, is equal in price
Back, *n.* (બૅક) પાછળો ભાગ, hind part.
Waggon, *n.* (વૅગન) ગાડું, cart.
Only, *a.* (ઓન્લિ) એક પુરો, one and no other ; single.
Danger, *n.* (ડેન્જર) જોખમ, hazard ; risk. L. *Damnum* loss and *gero* I bear.

To the danger of, જોખમે, at the risk or hazard of.
Displayed, *p. p.* (ડિસ્પ્લેડ) દેખાડેલી, expressed; shewed.
L. *Dis, plico* I fold.
Rather than, બદલે, in preference to.
Hurt, *p. p.* (હર્ટ) ઇજા થયલી, injured. (Hurt, hurt, hurt,)
He ran a risk, તેણે પોતાની જીંદગી જોખમમાં નાખી, he hazarded his own life.
Counted, *v. t.* (કાઉન્ટેડ) ગણી, considererd; regarded,
L. *Computo* I reckon. [or value.
As little worth, થોડી બીસાદની, as of no consequence
Might save, *v. t.* (માઇટ સેવ) બચાવે, might protect,
His boy, તેનો દીકરો, તેનો છોકરો; his son.

બાપનો પ્યાર.

૧. એક દહાડે એક માણસ એક ઘોડો કે જે તોફાની અને ઉસકેરાયલો બન્યો હતો તેને હાંકી લઇ જતો જણાયો હતો. તે ઘોડાએ પોતાનું શરીર આગળ ઝોકાવ્યું, અને તે પાછળા પગ ઉપર ઉભો થયો, અને આખરે છુટો થઈ નહાઠો. તેના હાંકનારથી તેને થોભાવી શકાયો નહિ, તેથી તે પ્રાણીને પકડી રાખવાની તેની કોશેસમાં તેણે લગામ પોતાના હાથના પ્હોંચાની આસપાસ વિટાલી.

૨. નજદીકમાં ઉભેલાઓએ બુમ પાડી કહ્યું, "છોડી દો! છોડી દો! તમે તેને પકડી શકનાર નથી! જવા દો તેને! તમે તેને જવા કાંય નહિ દેતા?"

૩. હાંકનારે એ પોકારો ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહિ; તેણે પોતાનાં સઘળાં જોરથી તેને ધરી રાખ્યો, અને આખરે લગામ પોતાની કંમરે વિટાલી.

૪. ઘણી કોશેસો કરવામાં આવી, અને કેટલેક વારે ઘોડો પકડાયો, પણ જે માણસે તેને પકડી રાખવાને એટલી ભારી કોશેસ

ક્રીધી હતી તેનાં મોઢાં અને નાકમાંથી લોહી બહાર નિકળતું જણાયું ત્યાંસુધી તે પકડાયો નહિ.

૫. તે ગરીબ માણસની આસપાસ એક ટોળું ભેગું થયું, અને તેને પુછવામાં આવ્યું, "તમે તેને છોડી કાંય દીધો નહિ? તમારી જીંદગી એવા સેંકડો ઘોડાઓ જેટલી કિમતી છે."

૬. તે બોલ્યો, "ગાડાંનાં પાછળા ભાગ તરફ જુઓ. તમને તે નાનો છોકરો જણાય છે? એજ અમારો નાનકડો એકપૂરો છોકરો છે. તે નાનાં છોકરાં વગર હું તેની મા આગળ જઇ શકતે નહિ; અને તેનેજ ખાતર મારી પોતાની જીંદગીના જોખમે હું ઘોડાને પકડી રહ્યો.

૭. અરે, છોકરાંઓ, એમાં બાપનો પ્યાર દેખાયો હતો: પોતાના નાના દીકરાને ઇજા થાય તે કરતાં તેણે મોટો ભયંકાર જોખમ ખેંચી લીધો, પણ જો તેના છોકરાને બચાવી શકે તો તેણે પોતાની જીંદગી નજીવી ગણી.

A Mother's Love.

માનો પ્યાર.

Mother's, *n.* (મધર્સ) માનો, of a Mother.

Cold, *a.* (કોલ્ડ) થંડા, chilly.

Winds, *n.* (ઉઇન્ડઝ) પવન, currents of air; air in motion.

Swept, *v. t.* (સ્વેપ્ટ) આરપાર ફુંકતો, blew across. (Sweep, swept, swept.)

Height, *n.* (હાઇટ) ઉંચાઇ, summit.

Pathless, *a.* (પાથ્લેસ) માર્ગ વગરનું. without a path.

Dreary, *a.* (ડ્રીઅરી) સુનકાર; ઉજાજડ, cheerless; gloomy.

Wild, *n.* (ઉવાઇલ્ડ) જંગલ, desert; untilled ground.

Cheerless, *a.* (ચીઅરલેસ) ઉદાસી ઉપજાવે એવા, dreary.

Wandered, *v. i.* (ઉવૅાન્ડર્ડ) ભટકતી, rambled; strayed; roamed.

Drifting, *a.* (ડ્રિફ્ટિંગ) પવનના સપાટાથી જમાવ થયેલું; ઘસડાતું, accumulated in heaps by the force of wind.

Pressed, *v. i.* (પ્રેસ્ડ) આગળ ચાલી, went forward with force. L. *Premo* I press.

Babe, *n.* (બેબ) નાનું બચ્ચું, little child.

Breast, (બ્રેસ્ટ) છાતી, bosom.

Colder, *adv.* (કોલ્ડર) વધારે થંડા, more chill.

Did blow, *v. i.* ફુંક્યા, blew.

Darker, *a.* (ડાર્કર) વધારે અંધારા, gloomier.

Deeper, *a.* (ડીપર) વધારે ઉંડા, thicker.

Drifts, *n.* (ડ્રિફ્ટ્સ) ઢગ, heaps.

Limbs, *n.* (લિમ્ઝ) અવયવો ; હાથપગ, members of the body; hands and feet.

Were chilled, *v. t. pas.* ઘણા થંડા થયા, were made very cold ; became very cold.

Accents, *n.* (ઍક્સેન્ટ્સ) અવાજ ; સ્વર, tones of voice. L. *Ad*, *cano*, *canto* I sing.

Wild, *a.* (ઉવાઇલ્ડ) ઉસ્કેરાયલા, excited.

Perish, *v. i.* (પેરિશ) મરણ પામું, die. L. *Per*, *eo* I go.

Stripped, *v. t.* (સ્ટ્રિપ્ડ) ખસાડી, removed.

Mantle, *n.* (મૅન્ટ્લ) જભ્ભો, cloak, loose garment.

Bared, *v. t.* (બેર્ડ) ખુલ્લી કીધી, uncovered ; laid open.

Bosom, *n.* (બુઝમ) છાતી, breast.

Storm, *n.* (સ્ટૉર્મ) તોફાન, tempest.

Wrapped, *v. t.* (રૅપ્ડ) વિંટાળી, folded ; covered.

Vest, *n.* (વેસ્ટ) વાસ્કુટ ; ઝભ્ભો, under-garment, L. *Vestis* a garment.

Smiled, *v. i.* (સ્માઈલ્ડ) હસી, laughed slightly ; looked [gay or joyous.

Tear, *n.* (ટીઅર) આસુ, drop of water from the eye.

Shed, *v. t.* (શેડ) ટપકાવ્યું, dropped.

Sank, *v. i.* (સૅંક) પડી, fell into rest ; fell gradually.

Snowy bed, (સ્નોઈ બેડ) બરફથી ઢંકાયલી જમીન, ground covered with snow.

Morn, *n.* (મૉર્ન) સવાર, morning. (ઇંગ્રેજી કવિતામાં morning શબ્દને બદલે કદી કદી morn વપરાયછે.)

Traveller, *n.* (ટ્રૅવેલર) મુસાફર, one who journeys ; one who visits a foreign country.

Passing by, બાજુએથી જતો, going by the side.

Fleecy, *a.* (ફ્લીસિ) ઉન જેવા નરમ, snowy ; soft.

Veil, *n.* (વેલ) બુર્ખો ; ઢાંકણુ, covering. L. *Velum* a sail.

Frost, *n.* (ફ્રૅાસ્ટ) થંડી, frozen dew.

Hard, *a.* (હાર્ડ) કઠણ, stiff.

Pale, *a.* (પેલ) ફિક્કા, whitish ; not ruddish. L. *Palleo* [to be pale.

Moved, *v. t.* (મૂવ્ડ) ખસાડયું, removed. L. *Moveo* I move.

Robe, *n.* (રોબ) ઝભ્ભો, mantle.

Sweetly, *adv.* (સ્વીટલિ) ખુશીથી, cheerfully ; pleasantly. L. *Suavis* sweet.

Smiled, *v.* (સ્માઇલ્ડિ) હસ્યું, laughed.

માનું હેત.

૧. થંડા પવનના સપાટા પર્વતોનાં શિખર ઉપરથી પસાર થતા હતા; અને ભયંકાર જંગલો ઉજ્જડ બન્યાં હતાં, તથા રાતના સુનકાર

વખતે એક મા પોતાના બાળક સાથ ભટકતી હતી; જ્યારે ઘસડાઇ આ-વતાં બરફમાંથી તેણી પોતાનો રસ્તો લેતી હતી ત્યારે તેણીની છાતીએ બાળક ઉંઘતું હતું.

૨. અને જેમ જેમ પવન વધારે ને વધારે થંડો ફુકતો જતો, અને રાતનો વખત વધારે ને વધારે અંધારો થતો જતો, તથા બરફના ઢગળા વધારે ને વધારે ઊંડા વધ્યા જતા હતા, તેમ તેમ તેણીના હાથ પગ થંડા બનતા હતા, અને તેણીનું કૌવત ઓછું થતું જતું હતું તેણી ગભરાયલા અવાજે બોલતી, "રે ખોદા! જો હું મરણ પામું તો મારાં બાળકને બચાવજે!"

૩. તેણીએ પોતાની છાતીએથી પોતાનો જબ્બો કાઢયો, અને પોતાની છાતી તોફાનમાં ખુલ્લી રાખી, અને બાળકની આસપાસ તે વારકુટ ાવટાલ્યું, અને પોતાનું બાળક હુંફાળું હતું એવા વિચારથી તેણી હસી; એક બોકી તેણીએ લીધી, એક આસું તેણીએ ટપકાવ્યું, પછી તેણી બરફવાલાં બિછાણાં ઉપર પડી.

૪. સવારે, તે રસ્તેથી જતાં એક મુસાફરે સફેદ બરફનાં ઢાંકણ તળે તેણીને દીઠી; મોતની ઝાંકળ તેણીની આંખમાં હતી, તેણીના ગાળ થંડા, જડ અને ફિકકા પડેલા હતા તેણે તે બાળક ઉપરથી જબ્બો ખસાડયો—એટલે તે બાળક ઉંચે જોઇ પ્યારથી હસ્યું!

The Birds' Christmas Sheaf.

પક્ષીઓનો નાતાળનો અનાજનો ઝુરો.

Christmas, *n.* (ક્રિસ્ટમ્સ) નાતાળ, The feast of Christ's nativity.

Sheaf, *n.* (શીફ) અનાજનો ઝુરો, bundle of stalks of wheat or barley.

Gentleman, *n.* (જેન્ટલમૅન) ગ્રહસ્થ, a man of good breeding. L. *Gentilis* gentle.

(Was) travelling, *v. i.* (ટ્રૅવેલિંગ) પ્રવાસ–મુસાફરી કરતો, journeying.

Farm-houses, *n.* (ફાર્મ-હાઉઝીઝ) ખેતરમાનાં ઘર, houses pertaining to a farm.

Farm, *n.* (ફાર્મ) ખેતર, a portion of land under cultivation.

Pleasure, *n.* (પ્લેઝર) ખુશી, joy. L. *Placeo* I please.

Since, *i. e.,* since the time I first caught sight of the sheaf મેં પેહેલાં ફુરી જોઇ ત્યારથી.

Pole, *n.* (પોલ) લાકડી, stick.

Was fastened, *v. t. pas.* (વૉઝ ફૅસન્ડ) બાંધેલી હતી, was tied.

Roof, *n.* (રૂફ) છાપરૂં, the cover of a house.

Barn, (બાર્ન) વખાર, a covered building for securing corn, hay &c.

(Was) tied, *v. t. pas.* (ટાઇડ) બાંધેલી, fastened.

Guess, *inf.* (ગેસ) અટકળ કરવી, conjecture; surmise.

(Was) puzzled, *v. t. pas.* (પઝલ્ડ) ગુંચવાયા ગીયો, unable to tell; involved in embarrassment.

Seemed, *v. i.* (સીમ્ડ) દેખાય, appeared.

Curious, *a.* (ક્યુરિઅસ) strange; wonderful. L. *Cura* care.

Fellow-traveller, *n.* મુસાફરીનો સાથી, a companion in journey.

English, *n.* (ઇંગ્લિશ) ઇંગ્રેજી ભાષા, the language of England.

Meaning, *n.* (મીનિંગ) મતલબ, object; purpose.

Noticed, (નોટિસ્ડ) જોયા; દીઠાં, saw: observed. L. *Nosco* I know.

Merry, *a.* (મેરિ) ખુશકારક, happy; cheerful.

Is taken down, *v. t. pas.* ઉતારી લેવામાં આવે છે, is removed.

Fresh, *a*. (ફ્રેશ) તાજો, new, lately produced.
Put up, મુકી, substituted; placed.
Pretty, *a*. (પ્રિટિ) સારી, fine, nice.
Custom, *n*. (કસ્ટમ) રેવાજ; રીત, fashion; practice.
Winter, *n*. (ઉવિન્ટર) શિયાળો, the cold season of the year.
Frost, *n*. (ફ્રૉસ્ટ) હીમ, frozen dew.
Last, *v. i*. (લૅસ્ટ) ચાલુ રહે છે, continue to fall.
Difficulty, (ડિફિકલ્ટિ) મુશકેળી, trouble. L. *Dis facilis* easy from *facio* I make.
Food, (ફૂડ) ખોરાક, victuals. (વિટ્લ્ઝ).
Brightness, *n*. (બ્રાઇટનેસ) ખુશાળી, mirth; merriment.
Sight, *n*. (સાઇટ) દેખાવ, scene; appearance.
Flocking, *p. p*. (ફ્લૉકિંગ) ટોળાંબંધ જમાવ થતાં, gathering.
Feast, *n*. (ફીસ્ટ) મેજબાની; ઝીયાફત, entertainment. L. *Festum* holiday.
Norway, (નૉર્વે) a country in the North of Europe.
Chirping, *p. pr*. (ચર્પિંગ) ચીંચીં કરતાં. making a shrill sound.
Twittering, *p. pr*. (ટ્વિટરિંગ) ઢુંઇ ઢુંઇ અવાજ કરતાં. making a trembling sound. [I please.
Pleasure, *n*. (પલેઝર) ખુશાળી, joy; delight. L. *Placeo*
Provide, *ger*. (પ્રોવાઇડ) પુરૂં પાડવું, supply. L. *Pro*, *video* I see.
Feathered, (ફેધર્ડ) પીછાંવાળાં, covered with feathers.
Won't you try, *i. e*. will you not try, તમે યત્ન નહિ કરશો.
To think of, *inf*., વિચાર કરવો, to consider.

Plan, *n.* (પ્લૅન) યુક્તિ, contrivance.
The season, *i. e.*, the wintry season, તે રૂત; યાને શિયાળાની રૂત.
Season, *n.* (સીઝન) રૂત, one of the four divisions of the year.
Merry, *a.* (મેરિ) આનંદી, gay.

પક્ષીઓનો નાતાલનો અનાજનો ઝુરો.

૧. એક ગ્રહસ્થ લખે છે કે કેટલાક વખતની વાત ઉપર હું નૉર્વેમાં મુસાફરી કરતો હતો. ખેતરનાં ઘરો આગળથી જેવો હું પસાર થતો હતો તેવામાં મેં કાંઇ ચીજ જોઈ કે જે વિશે તે દહાડેથી મેં ખુશીથી વિચાર કીધો છે.

૨. તે શું હતું વારૂં? ખેતરનાં દરેક ઘર આગળ વખારનાં છાપરાં ઉપર એક લાંબી લાકડી બાંધેલી હતી, અને તે લાકડી ઉપર અનાજનો નાનો ઝુરો બાંધેલો હતો, તે શા માટે હતો વારૂં?

૩. તેની અટકળ કરવાને મેં લાંબો વખત સુધી તજવીજ કીધી પણ મને ગુચવાડો લાગો. દરેક ખેતરમાંના ઘરે આ રીતે એક લાકડી સાથ ઝુરી બાંધેલી જોવાની એક અજાયબ જેવી ચીજ લાગી.

૪. એક દિવસ મને એક બીજા મુસાફર સાથ મેલાપ થયો. તે ઇંગ્રેજી બોલી શકતો હતો, તેથી જે અનાજની ઝુરીઓ વારંવાર જોઇ હતી તેનો અર્થ મેં તેને પુછયો

૫. તેણે મને કહ્યુ કે "પક્ષીઓ આનંદી નાતાળ ભોગવે એટલા માટે દર વરસ નાતાલ ઉપર તેમને (ઝુરીઓને) બહાર મુકવામાં આવે છે. દર વરસ જુનો ઝુરો ઉતારી લેવામાં આવે છે અને તાજો ઝુરો મુકવામાં આવે છે."

૬. મેં વિચાર્યું કે કેવો સારો રેવાજ! નૉર્વેમાં શિઆળો ઘણો લાંબો વખત રહે છે. ત્યાં ઊંડું બરફ અને કઠણ ઝાકળ વરસના આંઠ કે નવ મહિના સુધી રહે છે. દહાડા ટુંકા, અને રાત લાંબી અને અંધારી હોય છે. ગરીબ નાનાં પક્ષીઓને ખોરાક મેળવવો અતિશય મુશ્કેળ પડે છે.

૭. પણ તેમનેઓ, આપણી માફક નાતાળના દિવસ ઉપર મ-જાહ લાગે છે. નાતાળની મેજબાનીમાં તેમને ટોળાંબંધ જમાવ થતાં જોવામાં રળીઆમણો દેખાવ થઇ પડે છે.

૮. તે દિવસ પછીથી નાતાળના ઝુરાની આસપાસ ચીંચીં અને ટુંઇ ટુંઇ કરતાં નૉર્વેમાંનાં ગરીબ પક્ષિઓનો વારંવાર મને વિચાર આવ્યો છે. પોતાના પીછાંવાળાં નાનકડાં મિત્રોને માટે આ મેજબાની પુરી પાડતાં ત્યાંનાં છોકરા છોકરીઓને કેવી ખુશાલી લાગતી હશે?

૯. છોકરા અને છોકરીઓ! આ પ્રમાણેની કોઇ યુક્તિ વિષે વિચાર કરવાને તમે તજવિજ નહિ કરશો, કે જેથી કરીને જ્યારે તે રૂત પાછી આવે, ત્યારે આપણી તરફનાં પક્ષિઓ પણ આનંદી નાતાળ ભોગવે?

The Duke and the Cow-Boy.
અમીર અને નાનો ગોવાળ્યો.

Duke, *n.* (ડ્યૂક) અમીર ; ઠાકોર, holder of a title of nobility next below the princes. L. *Duco* I lead.

Cow-boy, *n.* (કાઉ-બૉય) ગોવાળ્યો, the boy who tends cows.

Scottish, *a.* સ્કૉટલેન્ડ દેશનો, of Scotland.

Nobleman, *n.* (નોબ્લમૅન) ઉમરાવ; મોટી પદ્વીનો માણસ, a person of rank above a commoner; peer. L. *Nosco* I know or *Nobilis* noble.

Was fond of, શોખીન હતો. liked.

Farming, *v.* (ફાર્મિંગ) ખેતીવાડીનું કામ, agriculture; the business of a farmer; tillage of land.

Bought, *v. t.* (બૉટ) ખરીદ કરેલી, purchased.

Lived, *v.* (લિવ્ડ) રહેતો હતો, resided.

Next, *a.* (નેક્સ્ટ) બીજી, following.

Early, *adv.* (અર્લિ) સકારે, soon; betimes.

Invain, ફોકટમાં, without success; to no purpose. L. *Vanus* empty L. *Sub*, *cedo* I go.

Unruly, *a*. (અનરૂલિ) મસ્તાન, turbulent; unmanageable; wild; not easily led.

Manage, *v. t.* (મૅનેજ) કાબુમાં રાખવું, control. L. ***Manus*** the hand, and *ago* I do.

At all, *adv*. (ઍટ ઑાલ) તદ્દન, entirely.

Knowing, *p. pr.* (નોઇંગ) ઓાળખતાં, recognising.

Job, *n*. (જૉબ) કામ, piece of work.

Sure, *a*. (શ્યૂર) ખચિત, certain. L. *Securus* Secure.

Folk, *n*. (ફોક) લોક, people.

Lane, *n*. (લેન) ગલી; શેરી, narrow street; narrow passage.

Slipped, *v. i.* (સ્લિપ્ડ) સટકી ગયો, departed secretly.

Reached, *v. t.* (રિચ્ડ) પોહોંચ્યો, arrived at.

Different, *a*. (ડિફરન્ટ) જુદો, not the same; another. L. *Dis*, *fero* I carry.

Road, *n*. (રોડ) રસ્તો, way.

Servant, *n*. (સર્વન્ટ) ચાકર, domestic; menial. L. *Servio* I serve.

Sovereign, *n*. (સવરિન) ૨૦ શિલિંગનો એક સોનાનો સિક્કો, a gold coin valuing one pound sterling. L. *Super* above.

Brought, *v. t.* (બ્રૉટ) લાવ્યો, fetched.

Parted, *v. i.* (પાર્ટેડ) જુદો પડ્યો, separated. L. *pars* a part.

On his way back, while returning, પાછો ફરતાં.

Asked, *v. t.* (આસ્કડ) પુછ્યું, questioned; interrogated.

Shilling, *n*. (શિલિંગ) an English coin of the value of twelve pennies.

Surely, *adv.* (શ્યુરલિ) ખચીત, certainly; to be sure. L. *Securus* secure.

Got, *v. t.* (ગૉટ) મેળવ્યું, received.

Quite, *adv.* (ક્વાઇટ) તદન, entirely.

Enough, *n.* (ઇનફ) પુરતું, sufficient. [નથી.

I do not, *i. e.* I do not think it enough. હું પુરતું સમજતો

Must be something wrong, must be some mistake; there must be some roguery practised. ખોટું થયું જોઇએ; કાંઇ લુચ્ચાઇ થવી જોઇએ.

Rang, *v. i.* (રૅંગ) વગાડયું, caused to sound.

Assembled, *pas. ger.* (ઍસૅમ્બલ્ડ) એકઠા કરેલા, brought together. L. *Ad*, *Simul* together. [a point

Point out, *v. t.* (પૉઇન્ટ આઉટ) દેખાડ, show. L. *Punctum*

Butler, *n.* (બટ્લર) ચાકર, બટલર, a head cook; a servant whose principal business is to take charge of the liquors plates &c. Fr. *Bouteille* a bottle.

Fell on his knees, ઘુંટણીએ પડયો, knelt.

Confessed, *v. t.* (કૉન્ફેસ્ડ) કબૂલ કર્યો, admitted; owned. L. *Con*, *fateor* to confess or speak.

Begged, *v. t.* (બેગ્ડ) વિનંતી કરી માંગી લીધું, requested.

Fault, *n.* (ફૉલ્ટ) ગુનોહ; તકસીર, crime. L. *Fallo* I deceive.

Forgiven, (ફરગિવન) માફી થયલી, pardoned. [rest.

Quit, *inf.* (કવિટ) છોડવું, leave; depart from. L. *Quies*

Lost, *v. t.* (લૉસ્ટ) ખોયાં, forfeited (by your fault.)

Deceit, *n.* (ડીસીટ) ઠગાઈ; લુચ્ચાઇ, fraud; guile; cunning. L. *De*, *capio* I take.

Learn, *v. t.* (લર્ન) ચકુનમ લે; ઉપદેશ લે; ધડો લે. take a lesson.
Future, *n.* (ફ્યૂચર) આવતો વખત; ભવિષ્ય, time to come. L. *Futurus* from *esse* to be.
Honesty, *n.* (ઑનેસ્ટિ) પ્રમાણીકપણું, integrity; truthfulness; the proper use of another's goods. L. *Honor* honour.
Best, *a.* (બેસ્ટ) સર્વેથી સરસ; ઉત્તમ, excellent.
Policy, *n.* (પૉલિસિ) રીતી, rule to act by. Gr. *Polis* a city.
Found out, *v. t.* (ફાઉન્ડ આઉટ) જાણ્યું, knew; discovered.
Manliness, *n. abs.* (મૅન્લિનેસ) હિમ્મત; મર્દાનગી, boldness; manlike ways.
Honesty, *n.* (ઑનેસ્ટિ) પ્રમાણિકપણું, integrity.
Paid, *v. i.* (પેડ) નિશાળનો પગાર આપ્યો, gave school fees.
Out of his own pocket, પોતાની ગીરેનો, with his own money.

અમીર અને નાનો ગોવાળ્યો.

૧. સ્કૉટ્લૅન્ડ દેશનો એક અમીર જે ખેતીવાડીનો ઘણો શોખીન હતો તેણે એક ગૃહસ્થ જે તેની નજદીકમાં રેહતો હતો તેની પાસેથી એક ગાય ખરીદ કરી હતી. તે ગાયને બીજી સવારે તેને ઘર મોકળવાની હતી. સવારમાં સકારેથી, જ્યારે તે અમીર ફરવા નિકળ્યો હતો, ત્યારે તેણે એક છોકરાને તે ગાય તેના ઘર તરફ હાંકી લઇ જવાને ફોકટમાં તજવીજ કરતો દીઠો. ગાય ઘણી જાલમ હતી, અને તે ગરીબ છોકરો તેને બીલકુલ કાબુમાં રાખી શકયો નહિ.

૨. તે અમીરને ન ઓળખતાં તે છોકરે તેને હાંક મારી કહ્યું, "હેલ્લો, ભાઇ! ઓરો આવ અને આ પશુને અટકાવવામાં મને મદદ કર." પેલો છોકરો જે તેની મદદ માગવાને હજી પોકારતો હતો તેને દીઠો નહિ એવું ડોલ ઘાલીને તે અમીર ધીમે ધીમે આગલ ચાલ્યો. આ

તેને દીઠું કે ગાય સાથ તેનું કાંઇ ચાલતું નથી ત્યારે તેણે સંકટમાં બુમ પાડી કે, "રે ભાઇ, ઓરો આવ. અને મને સહાય થા, અને મને જે કાંઇ મળે તેનો અડધો હિસ્સો તને આપીશ."

અમીર ગયો, અને તેને સહાય થયો.

૩. જ્યારે ગાય પાછળ તેઓ આગળ ચાલ્યા એટલે અમીરે કહ્યું, "અને હવે, આ કામ માટે તને શું મળશે વારૂં?"

છોકરે કહ્યું, 'તે તો હું નથી જાણતો. પણ કાંઇ મળશે, એ વિશે મારી ખાતરી છે, કારણ કે તે મોટાંઘરનાં લોકો દરેક શખ્સ તરફ કૃપાળુ રહે છે.'

૪. ઘરની નજદીકની એક ગલી આગળ આવતાં, પેલો અમીર છોકરા આગળથી હલુસે સટકી ગયો, અને એક જુદે રસ્તે પોતાને ઘર પુગો. એક ચાકરને બોલાવીને તેણે તેના હાથમાં એક પૌંડનો સિક્કો મુકયો અને કહ્યું કે "પેલો છોકરો જે ગાય લઇ આવ્યો છે તેને તે સિક્કો આપ."

ત્યારપછી જે ગલીને નાકે પેલા છોકરાથી તે જુદો પડયો હતો ત્યાં તે ગયો કે તે પેલા છોકરાને પાછો ફરતાં મળે.

૫. અમીરે પુછયું "કેમ, તને કેટલું મળ્યું?"

"એક શિલિંગ," તે છોકરે કહ્યું, "અને લે આ તેનો અડધો ભાગ તારે માટે છે."

"પણ ખચીત તને શિલિંગ કરતાં વધારે મળ્યું છે!" અમીરે કહ્યું.

"ના," છોકરે કહ્યું. જે સર્વ મને મળ્યું છે તે એજ છે, અને હું ધારૂં છું કે તે તદ્દન પૂરતું છે."

૬. "હું તેમ ધારતો નથી," અમીરે કહ્યું: 'જ્યાં છે ત્યાં કાંઇ ખોટું થયું છે અને હું અમીરનો મિત્રછું, તેથી જો તુ પાછો ફરે તો હું ધારૂં છું કે હું તને વધારે અપાવીશ."

તેઓ પાછા ગયા. અમીરે ઘંટ વગાડયો અને સઘળા ચાકરોને ભેગા થવાનો હૂકમ કર્યો.

"હવે," અમીરે છોકરાને કહ્યું, "જે શખસે તને શિલિંગ આપી તે શખસને દેખાડ."

"પેલો ત્યાં ઉભોછે તેણે," બતલર તરફ આંગળી કરી તે બોલ્યો.

૭. બતલર ઘુંટણ મંડીએ પડયો, પોતાનો વાંક કબુલ કીધો અને માફી મેળવવાને માટે તેણે વિનંતી કરી; પણ તે અમીરે તે છોકરાને તે પૌંડ આપવાને અને પોતાનું ઘર એકદમ છોડી જવાને તેને હૂકમ કર્યો તે બોલ્યો, "તારી લુચ્ચાઇથી તેં તારી ચાકરી તેમજ તારી આબરૂ બન્ને ગુમાવી છે. ભવિષ્યને માટે શિખજે કે પ્રમાણીકપણું એ ઉત્તમ રીત છે."

૮. છોકરાને હવે માલૂમ પડયું કે ગાય હાંકી લાવવામાં જેણે તેને મદદ કરી હતી તે કોણ હતો; અને તે અમીર પેલા છોકરાની હિમ્મત અને પ્રમાણીકપણાંથી એટલો ખુશી થયો હતો કે તેણે તેને નિશાળે ભણવા મોકલ્યો; અને તેનો ખરચ તેણે પોતાની ગીરેનો આપ્યો.

The Habit of Neatness.

સુઘડાઇની આદત.

Habit, *n.* (હૅબિટ) ટેવ, custom; way of doing, L. *Habeo* I have.

Neatness, *abs. n.* (નીટ્નેસ) સુઘડાઇ; સફાઇ, cleanliness, nicety.

Charles, *n.* (ચાર્લ્સ) નામ "ચાર્લ્સ" the name of a man.

Seems, *v. i.* (સીમ્સ) દેખાય છે. appears.

John, *n.* (જૉન) નામ "જૉન" the name of a man. [otherwise.

Rather, *adv.* (રાધર) જરા, in a greater degree than

Smart, *a.* (સ્માર્ટ) ચંચળ, active.

Shine, *v. i.* (શાઇન) ચળકે છે, glitter.

(Are) getting, *v. i.* (ગેટિંગ) થતાં, becoming; growing.

Proud, *a.* (પ્રાઉડ) મગરૂર, lofty of a mien; grand.

Fellow, *n.* (ફેલો) માણસ, man.

Mean, (મીન) કહેવા માંગવું, wish to say. [brush.
Brushed, *p. p.* (બ્રશ્ડ) બ્રશથી સાફ કરેલા, rubbed with a
Dirt, *n.* (ડર્ટ) કચરો; ધુળ, dust; a filthy substance. [not.
Don't care, (ડોન્ટ કેર) દરકાર કરૂં નહિ, heed not; mind
Mud, *n.* (મડ) કાદવ; કિચલ, moist and soft earth.
I am not afraid, હું બિહિતો નથી, I do not fear. [simplicity
Tidy, *a.* (ટાઇડિ) સુઘડ; સુઘડાઇવાળા, dressed with neat
Would you like, તમને ગમશે, would you be pleased.
Scholars, *n.* (સ્કૉલર્ઝ) નિશાળિયાઓ; વિદ્યાર્થીઓ, students; pupils, L. *Schola* a school. [with mud.
Muddy, *a.* (મડિ) કાદવવાળા, covered with mud; bedewed
Floor, *n.* (ફ્લોર) પાટિયાંની જમીન, a wooden pavement on which we stand.
Always, *adv.* (ઑલ્વેઝ) હંમેશ, daily; every day. [duty.
Will do my part, મારી ફરજ સમજશ, will consider it my
Please, *ger.* (પ્લીઝ) ખુશી કરવાને, gratify. L. *Placeo* I please
Particular, *a.* (પર્ટિકયુલર) સાવચેત; ચોક્કસ, exact; nice in taste. L. *Pars* a part.
Save, *v.* (સેવ) બચાવવું, spare.
Clothes, (ક્લોધ્ઝ) લુગડાં, wearing apparel.
Form, *v. t.* (ફૉર્મ) મેલવવું, acquire, gain; make.
To be covered, (ટુ બી કવર્ડ) ખરડાયેલા, to be spoiled.

સુઘડાઇની આદત.

ચાર્લ્સ—જૉન, મને એવું દેખાય છે કે તમે આજ સવારે જરા ઠાઠમાં હોવ એવું સમજો છો તમારા જોડા કેવા ચળકે છે! હું આશા રાખું છું કે તમે એટલા તો મગરૂબ ન થતા હોવ કે મારા જેવા સાથ બોલો નહિ.

જૉન—કાં,   , તમે શું કહેવા માંગો છો! મગરૂબ બન્યા વગર જોડાને પાલીશ કરાવી શકું એવું તમે ધારતા નથી?

ચાર્લસ—અરે, હા, હું આશા રાખું છું કે તમારાથી બની શકે; પણ એટલો ઠાઠમાઠ કરવો શા ખપનો? મને તો એવું લાગે છે કે તમે કદી પણ કચરો જોયોજ ન હોય. મારે માટે કહું તો, મારા જોડા ઉપર કાદવ હોય તો હું કાંઈ દરકાર કરૂં નહિ. હું કચરાથી કાંઇ બિહિતો નથી, એ હું તને કહી શકું છું.

જૉન—અને હું પણ તેથી બિહિતો નથી, પણ હું ધારૂં છું કે સાફ અને સુઘડ રેહેવું એ આપણી ફરજ છે. સઘળા નિશાળીઆઓને કાદવમાં ખરડાયલા જોડાં સાથ નિશાળે આવતાં જોવાને તમને ભાવશે, કે જેથી કરી જમીન કચરા અને ધુળથી નિરંતર ઢંકાયલી રેહે? આપણા શિક્ષકને આપણી નિશાળનો ઓરડો સાફ અને સ્વચ્છ રહેલો જોવા ગમે છે; અને હું ધારૂં છું કે તેઓ ખરા છે, અને હું તેવણને ખુશી રાખવામાં મારી ફરજ બજાવીશ.

ચાર્લસ—હું, પણ, મારા શિક્ષકને ખુશી કરવાને ખુશી છું; પણ એટલા છેક ચોકસ રેહેવાનું કામ શું, એજ હું જાણવા માંગું છું.

જૉન—સુઘડ અને સ્વચ્છ રેહેવું એ સારી ચીજ છે. મારાં મા એવું કહે છે કે મારા જોડા અને કપડાંની સંભાળ લેવાથી તેણીનું ઘણું કામ હું બચાવી શકું છું. અને જો મારાથી બને તો મારી ખાતરી છે કે મારે તેમ કરવુંજ જોઇએ. હવે, ચાર્લસ, મને કહે કે દીકરાઓને સુઘડ જોવા તને ગમતું નથી? પેલો ટૉમ ડેલિસ હંમેશ કાદવથી ખરડાયલો રેહે છે; અને તેનો ચેહેરો કદી સાફ રેહેતો નથી, અને તેના વાળ પણ બ્રશ મારેલા હોતા નથી. તેની પાસ આખો દિવસ બેસવા તમને ગમશે?

ચાર્લસ—ખચીત, નહિ, જ્યારે એમ જ છે ત્યારે હું તેની આગળ બેસું એવું મારાથી કેહેવાય નહિ સઘળું જોતાં, જૉન, હું ધારૂં છું કે તમે

ખરા છો; અને જોકે મને દર લાગે છે કે હું તમારા જેવો સુઘડ તો કદી પણ નિવડું નહિ તોપણ મારે પોતાને વિશે વધારે સંભાળવાળો રેહેવાને હું કોશેસ કરીશ.

જૉન—અરે, હા, ચાર્લસ, તમે મારા જેવા સુઘડ થશો. એક વેળા સુઘડાઇની આદત પાડો, એટલે કાદવથી ખરડાયલા રેહેવાના કરતાં સાફ રેહેવાને તમને વધારે સેહેલું અને ખુશકારક થઇ પડશે.

The Tea Farmer.
ચા ઉગાડનાર ખેડુત.

Farmer, *n.* (ફારમર) ખેડુત, cultivator.

Our country, *i. e.* the country of Englishmen. આપણા દેશમાં (એટલે ઈંગ્રેજના દેશમાં).

Olden, *a.* (ઓલ્ડન) પ્રાચીન; અસલી, ancient.

Ale, *n.* (એલ) એલ નામનો જલ્લદ દારૂ, a strong liquor made by infusing malt in hot water, fermenting the infusion and adding hops.

Mead, *n.* (મીડ) મીડ નામનો મીઠો દારૂ, a fermented liquor consisting of honey and water, sometimes enriched by spices.

Tankards, *n.* (ટંગકાર્ડ્ઝ) બાટલા, large drinking cans with covers.

Stood, *v. i.* (સ્ટૂડ) પડી રહેતા, remained.

Breakfast table, *n.* (બ્રેકફાસ્ટ ટેબ્લ) જમવાની ટેબલ, the dining room table.

Use, *v. t.* (યૂઝ) પીવામાં લઇએ છિયે, employ as a drink.

Tea, *n.* (ટી) ચા, an infusion of tea-leaves in boiling water.

Coffee, *n.* (કૉફી) કાફી; બુંદ. a favourite beverage made from coffee seeds by decoction.

Was brought to, *v. t. pas.* દાખલ કરવામાં આવી હતી, **was** introduced into.

Treat, *n.* (ટ્રીટ) મેજબાની, rich entertainment. L. *Traho* I draw.

At length, *adv.* (ઍટ લેંગ્થ) આખરે, at last. [a bubble.

Boiled, *v. t.* (બૉઈલ્ડ) ઉકાળ્યાં, cooked by boiling. L. *Bulla*

Strewed, *v. t.* (સ્ત્રુડ) ભભરાવ્યાં, spread; scattered.

Bacon, *n.* (બેકન) આથીને ભુંજેલું ડુક્કરનું માસ, salted pork.

Dinner, *n.* (ડિનર) meal taken about the middle of the day.

Pound, *n.* (પાઉન્ડ) રતલ, a standard English weight, consisting of 16 ounces avoirdupois. L. *Pendo* I weigh.

Cost, *v. t.* (કૉસ્ટ) કિમત થતી, valued; kuced.

The rich, (ધી રિચ) પૈસાદાર, rich persons.

Buy, *v. t.* (બાઇ) ખરીદ કરવું, purchase.

Cheap, *a.* (ચીપ) સસ્તી; સાધારન, of little value; common.

Enjoy, *v. t.* (એન્જૉય) મજાહ ભોગવે, have delight in; have and use with gladness. L. *En, gaudeo* I am glad.

Plentifully, *adv.* (પ્લેન્ટિફુલી) પુષ્કળ; જઠ્ઠાબંધ, abundantly. L. *Plenus* Plenty.

Visitor, *n.* (વિઝિટર) પરોણો; મળવા આવનાર, stranger; guest; a person who goes to see another. L. *Video* I see.

Enters, *v. t.* (એન્ટર્ઝ) દાખલ થાય છે. goes into. L. *Intro* within.

Servant, *n.* (સર્વેન્ટ) નોકર; ચાકર, domestic; menial. L. *Servio* I serve.

Cottager, *n.* (કૉટેજર) ઝુપડામાં રહેનાર, dweller in a cottage.

Tea-garden, *n.* (ટી-ગાર્ડન) a piece of ground used for the cultivation of tea-plants.

Gathered, *pas. ger.* (ગેધર્ડ) તોડી લીધી; ઉતારી ભેગી કીધી, collected by plucking.

Family, *n.* (ફૅમિલિ) કુટુંબ, household including wife, children &c. L. *Familia* a slave.

Busy, *a.* (બિઝિ) ઉદ્યોગી, diligently engaged.

Pull off, *v. t.* (પુલ ઑફ) pluck.

Baskets, *n.* (બાસ્કેટસ) ટોપલીઓ, vessels made of twigs, or bamboo or ratanslip interwoven.

Full, *a.* (ફુલ) ભરેલી, filled to the brim.

(Are) carried, *v. t. pas.* (કૅરિડ) લઇ ગયું, taken.

Are dried, *v. t. pas.* (આર ડ્રાઇડ) સુકવેછે, are freed from juice or water.

Iron, *a.* (આયર્ન) લોખંડનાં બનાવેલાં, made of iron.

Pans, *n.* (પૅન્ઝ) વાસણ, pots; cans.

Fire, *n.* (ફાયર) ચુલો hearth.

Turning, *v. n.* (ટર્નિંગ) ઉઠળ પાઠળ કરતાં; ફેરવ ફેરવ કરતાં; changing, moving.

As soon as, તરતજ, no sooner than.

Curl, *inf.* (કર્લ) કરચલી વળે છે, form into ringlets.

Are spread, *v. t. pas.* (આર સ્પ્રેડ) પાથરે છે, are scattered.

Work-people, *n.* (વર્ક-પીપલ) મજુરો, workmen.

Press out, *v. t.* (પ્રેસ આઉટ) નીચવી કાઢે છે, extract : draw out by pressing. L. *Premo* I press.

Juice, *n.* (જ્યૂસ) રસ, sap ; the fluid part. L. *Jus* liquid.

Twist, *inf.* (ટવિસ્ટ) વળખાવા, take a screw-like shape.

Look, *v. i.* (લુક) દેખાય છે, appear ; seem.

Picks out, *v. t.* (પિક્સઆઉટ) ચુંટી કાઢેછે.

Market, *n.* (માર્કેટ) બજાર, a public place where provisions are exposed for sale. L. *Merx* goods.

Marching, *p. pr.* (માર્ચિંગ) જતો, going.

Chest, *n.* (ચેસ્ટ) પેટી, box.

Slung, *p. p.* (સ્લંગ) લટકાવેલી, hung ; suspended.

Shoulder, *n.* (શોલ્ડર) ખભું, the joint by which the arm is connected with the body.

Pole, *n.* (પોલ) લાકડી; સોટી, stick.

Bamboo, (બૅમ્બૂ) વાંસ; બામ્બુ, a plant of the reed kind.

Merchant, *n.* (મર્ચન્ટ) વેપારી, trader ; buyer and seller of goods. L. *Merx* merchandise.

Consist of, *prep. verb.* (કન્સિસ્ટ્સ ઑવ) હોયછે, is made up of.

Strings, *n.* (સ્ટ્રિંગ્ઝ) દોરી, threads. L. *stringo* I draw tight.

Brass, *a.* (બ્રૅસ) પીતળના, made of brass ; brazen.

Coins, *n.* (કૉઇન્સ) સિક્કા, pieces of metal legally stamped and made current as money. L. *Cuneus* a wedge.

Value, *n.* (વૅલ્યુ) કિમત, worth, L. *Valeo* I am worth.

But, *adv.* (બટ) માત્ર, only.

Small, *a.* (સ્મૉલ) નાનું little.

Sum, *n.* (સમ) રકમ, amount.

ચા ઉગાડનાર ખેડુત.

૧. એક વખત એવો હતો કે જ્યારે આપણા દેશમાં ચા મુદ્દલ મળતી ન હતી. અસલના વખતમાં, ઇંગ્લાંદ દેશમાં, લોકો એલ દારૂ તથા મીદ નામનો એક જાતનો મીઠો વાઇન દારૂ પીતા. એલ દારૂના મોટા મોટા બાતલા નાસ્તાની તેબલ ઉપર પડેલા રેહેતા. હવે આપણે ચા અને કાશીનો ઉપયોગ કરીએ છિએ.

૨. જ્યારે ચા પેહેલવેહેલી ઇંગ્લાંદમાં આણવામાં આવી ત્યારે એક ડોશા ડોશી ઉપર મોટી ભેટ દાખલ થોડીક મોકલવામાં આવી. પણ જ્યારે તેમને તે મળી, ત્યારે તે કેમ વાપરવી તે તેઓએ જાણ્યું નહિ. આખરે તેઓએ તે પાંદડા ઉકાળ્યા અને ખાનાને માટે તૈયાર કીધેલાં ડુક્કરના માસના એક ટુકડા ઉપર પાંથર્યાં. તેઓએ પાંદડા ખાધાં અને ચા નાખી દીધા.

૩. તે દિવસોમાં એક રતલ ચાની કિમત એટલા પૈસા લાગતી કે માત્ર તવંગરો તે ખરીદ કરી શકતા હતા. હવે તે એટલી સસ્તી મળે છે કે સૌથી ગરીબ માણુસ પણ તેની મજાહ ચાખે છે.

૪. ચા એક રોપો કે જે ચીન, જાપાન, અને બીજા પૂર્વ તરફનાં મુલકોમાં પુષ્કળ ઉગે છે તેના પાંદડાં છે. ચીના લોક પોતાની ચા દુધ કે ખાંડ વગર પીએ છે. જ્યારે મુલાકાતે આવનાર શખસ ઘરમાં દાખલ થાય છે ત્યારે ચાકર તેને માટે હંમેશાં ચાનું પ્યાલું લાવેછે.

૫. ચીનમાં ઝુપડામાં રેહેનાર દરેક શખસ પાસ પોતાનો નાનો ચાનો બગીચો હોય છે. જે તે ખપમાં લાવતો નથી તે તે વેચે છે, અને એ રીતે પોતાનાં કુટુંબ માટે અન્ન વસ્ત્ર ખરીદી શકે છે.

૬. જ્યારે કોઇ માણુસ પાસ જમીનનો મોટો કકડો હોય છે અને ચાના ઘણાક રોપા ઉગાડે છે, ત્યારે તેને ચાનો ખેડુત કહે છે. જ્યારે

ચાના પાંદડાં એકઠાં કરવા લાયક તૈયાર થાય છે, ત્યારે ખેડુત અને તેનો કબીલો ઘણો ઉદ્યોગી બને છે. તેઓ પાંદડાં તોડે છે અને ટોપલીઓમાં ભરે છે. જ્યારે ટોપલીઓ ભરાય છે, ત્યારે તેમને ઘરમાં લઇ જાય છે.

૭. પાંદડાંને આતશ ઉપર લોખંડની કઢાઇમાં સુકાં કરેછે. જ્યારે તેઓ સેકાતાં જાય છે, ત્યારે ભાયડા અને બાઇડીઓ તેમને ફેરવ ફેરવ કરે છે. જેવી તેમને કરચલી આવવા માંડે છે તેવાં તેમને બહાર કાઢે છે અને એક મેજ ઉપર પાંથરે છે. ત્યારપછી કામદાર માણસો તેમને પોતાના હાથમાં મસલે છે, અને પોતાથી બને તેમ તેઓમાંથી સઘળો રસ નીચવી કાઢે છે.

૮. હવામાં સુકાયા પછી, પાંદડાંને ચુલા ઉપરની કઢાઇમાં એક વેળા ફરીથી જવું પડે છે ત્યાં તેમની કરચલી થઇ વળવા માંડે છે; અને આખરે જેમ આપણે તેમને આ દેશમાં જોઇએ છિએ તેમ દેખાય છે.

૯. ચાનો ખેડુત ત્યારપછી સૌથી સરસ પાંદડાં ચુંટી કાઢે છે, અને બજારમાં મોકલવા માટે તૈયાર કરાવે છે. ત્યાર પછી તે બામ્બુની બનાવેલી લાકડી ઉપર તેની ચાની પેટી પોતાને ખભે લટકાવી શેહેર તરફ જતો જોવામાં આવે છે.

૧૦. તે ચાના વેપારી આગળ જાય છે, અને તે ચાની પેટી તેને વેચવા માંગે છે. તે વેપારી તેને તપાસે છે અને જો તે તેને સારી લાગે તો તે ખરીદે છે. ત્યાર પછી તે ખેડુત પોતાના પૈસા ખભે લટકાવી પોતાના ઘરે પાછો જાય છે. તેના પૈસા પીત્તળના સિક્કાઓની સંખ્યાબંધ હાર હોય છે, જે એટલી જુજ કિંમતની હોય છે કે તેઓ માંહેલી ઘણી મલીને માત્ર એક નાની રકમ થાય.

The Little Railroad Hero.

આગગાડીની સડકવાળો નાનો પેહેલવાન.

Little, *a.* (લિટલ) નાનો, small.

Railroad, (રેલરોડ) લોખંડી સડકનો રસ્તો, road on which rails [are laid.

Country boy, *n.* (કન્ટ્રિ બૉય) ગામડેનો છોકરો, village boy.

Wore, *v. t.* (વૉર) પેહેરતો હતો. put on.

Cap, *n.* (કૅપ) ટોપી, hat.

Shaggy, *a* (શૅગિ) ખભરાયલા, rough.

Good enough, *a.* (ગુડ ઇનફ) પૂરતું, sufficient.

covering, *n.* (કવરિંગ) કપડાં; અંગઢાકન, dress. L. *Con operio* I cover.

Care, *v. i.* (કેર) દરકાર કરવી, mind. L. *Cura* care [more.

A great deal more, ઘણું વધારે, much more; a good deal

Squirrel, (સ્કવિરેલ) ખિસકોલી, a little animal remarkable for liveliness and agility, that shades or covers its body with its long bushy tail.

Fashions, *n.* (ફૅશન્ઝ) રીત; ઢપ, L. *Facio* I make.

Nests, *n.* (નેસ્ટ્સ) માળા, abodes of birds.

Rough, *a.* (રફ) બેડોળ, rude; disorderly in appearance

Hill, *n.* (હિલ) ટેકરો; ડુંગર, elevation of land; eminence.

Logs, *n.* (લૉગ્ઝ) લાકડાં, blocks of wood.

Holes, *n.* (હોલ્ઝ) બાકોરાં, openings; apertures.

Windows, *n.* (વિન્ડોઝ) બારીઓ, openings in the walls of a building for the passage of air.

Wonder, *v. i.* (વન્ડર) અચરતી પામો; અજબ થાવો, be surprised; feel astonishment.

To find, *ger.* (ટુ ફાઇન્ડ) જોવાને, to see.
Living, *p. pr.* (લિવિંગ) રેહેતો, residing, dwelling.
Wait, *v. i.* (વેટ) થોભો, stop.
Diamond, *n.* (ડાયમન્ડ) હીરો. precious stone ; gem of the most valuable kind.
Coarse, *a* (કોર્સ) સફાઈ વગરનો, not refined; rude. L. *Crassus* thick, dense.
Dull, (ડલ) ઝાંખો, not bright.
(Is) polished, *v. t. pas* (પૉલિશ્ડ) સાફ કરેલો, refined ; made smooth and glossy. L. *Polio* I smooth.
Heart, *n.* (હાર્ટ) અંતઃકરણ, the seat of life.
True, *n.* (ટ્રૂ) ખરો, real.
Torn, *a.* (ટૉર્ન) ફાટેલો, rent; pulled in pieces.
Jacket, *n.* (જૅકેટ) બદીઆન, a short coat
Hut, *n.* (હટ) ઝુંપડી, cottage.
Often, *adv* (ઑફ્ન વારંવાર, frequently.
Watched, *v. t.* (વૉચ્ડ) જોતો; તપાસતો, noticed; saw.
Engine, *n.* (એન્જીન) સંચો; ઇનજીન, a compound machine of mechanical powers. L. *Gigno* I produce.
Puffing, *p. pr.* (પફિંગ) ફુંક ફુંક કરતું giving out whiffs.
Giving out, *p. pr.* (ગિવિંગ આઉટ) બહાર કાઢતા, issuing; sending forth.
Clouds, *n.* (ક્લાઉડ્ઝ) જથ્થા, volumes; columns.
Screeching, *p pr.* (સ્ક્રીચિંગ) તીણા અવાજે સીસોડી વગાડતાં, Whistling with a shrill voice.
Valley, *n.* (વૅલી) ખીણ, low place between two hills.
Mad, *a.* (મૅડ) ગાંડી, raving.

(Was) crossing, *v. t* (ક્રૉસિંગ) ઓલંગી જતો, passing over.
Line, *n.* (લાઇન) પાટા, rails.
Surely, *adv.* (શ્યૂર્લિ) ખચીત, certainly. L. *Se, cura* care.
Wrong, *a.* (રૉંગ) ખોટું, not right.
Carriages, *n.* (કૅરીજીઝ) ગાડીઓ, vehicles.
Were out of place, તેમની બરાબર જગાએ નહિ હોય, were not in their proper position. [instant.
Just then, *adv.* તરતજ; તેજ પળે, immediately; at that
Low, *a.* (લો) ધીમો, not loud; depressed; faint.
Distant, *a.* (ડિસ્ટન્ટ) દૂરનો, remote; coming afar off. L. *Dis, sto* I stand.
Noise, *n.* (નૉઇઝ) અવાજ, sound. [tain.
Stop, *v. t.* (સ્ટૉપ) થોભાવવું, arrest the progress of; de-
Way, *n.* (વે) રીત, manner.
Felt, *v. t.* (ફૅલ્ટ) લાગ્યું, perceived.
No body else, કોઇ બીજો નહિ, no other person.
Thought, *v. t.* (થૉટ) વિચાર્યું. considered. [death.
(Might be) killed, (કિલ્ડ) માર્યો જાય, slain; crushed to
Rightly, *adv.* (રાઇટલિ) બરાબર, straight; exactly.
Front, *n.* (ફ્રન્ટ) આગળનો ભાગ, the fore part. L. *Frons* the forehead.
Stretched out, *v t.* (સ્ટ્રેચ્ડ આઉટ) લાંબા કરયા, extended.
Apart, *adv.* (ઍપાર્ટ) જુદું, asunder. L. *Ab, pars* a part.
Driver, *n.* (ડ્રાઇવર) હાંકનાર; ઍન્જીન ચલાવનાર; ડ્રાઇવર, one who drives; the man who had the engine in his charge.

Get, *ger.* (ગેટ) જવું, go.
Stir, *v. i.* (સ્ટર) ખસવું; હાલવું, move.
An inch, (ઍન ઇન્ચ) જરા, a little.
Whistled, *v. i.* (ઉવ્હિસ્લ્ડ) સીસોટી વગાડી, sounded with a pipe. L. *Fistula* a whistle.
Moved *v. i.* (મૂવ્ડ) ખસ્યો, stirred. L. ***Moveo*** I move.
Notice, *n.* (નોટિસ) ખબર, note ; observation. L. *Nosco* I know.
Track, *n.* (ટ્રૅક) સડકનો રસ્તો, railroad. L. *Traho* I draw.
Angry, *a.* (ઍંગ્રિ) ગુસ્સે: કોપાયમાન, irritated ; provoked; wrathful. L. *Ango* I vex.
Brave, *a.* (બ્રેવ) હિમ્મતવાન ; બહાદુર, hold ; courageous.
Changed, *v. t.* (ચેન્જડ) બદલાયો ; converted ; turned.
Gladness, *n.* (ગ્લૅડનેસ) ખુશી, joy ; mirth. [happened.
What was the matter, શું બનાવ બન્યો હતો તે, what had
Steep, *a.* (સ્ટીપ) ઉભો, straight down ; precipitous.
Would have been dashed in, *v. t. pas.* (ડૅશ્ડ ઇન) અફળાઇને ભાગી જાત, broken to pieces.
Rough, (રફ) નાજુક નહિ, મજબુત, hard-featured ; not delicate.
Freckled, *v. a.* (ફ્રેકલ્ડ) ડાઘવાળો, spotted.
Wiped, *v. t.* (ઉવાઇપ્ડ) (તેમનાં આંસુ) લુછી નાખ્યાં, dashed away (their tears.)
God bless the boy, ખોદા એ છોકરાને સુખી રાખે, may God make the boy happy or prosperous.
Purses, *n.* (પર્સિસ) પૈસાની કોથળી, money bags.

Made up, *v. t.* (મેડ અપ) ઉભી કીધી; જમાવ કીધી, raised; collected.

Grateful, *a.* (ગ્રેટફુલ) આભારી, thankful. L. *Gratus* thankful.

Passengers, *n.* (પૅસેન્જર્ઝ) ઉતારૂઓ, persons travelling by [the train.

Since, *prep.* (સિન્સ) તે વખત પછીથી, from the time of.

Very, *a.* (વેરિ) તેજ, same.

Coolness, *n.* (કૂલનેસ) થંડો સ્વભાવ, calmness of temper.

Courage, *n.* (કરેજ) હિંમત, bravery ; spirit.

Presence of mind, સમય સુચકતા, ready thought; quickness of perception. L. *Pre, esse* to be, *Mens* the mind.

Mark, *v. t.* (માર્ક) ઓળખાવે છે, distinguish ; characterize. L. *Marca*, a limit.

Man, *n.* (મૅન) માણુસ, person.

આગગાડીની સડકવાલો નાનો પેહેલવાન.

૧. ઍન્ડિ મૂર એક નાનો ગામડયો છોકરો હતો. કોઇ વેળા તે ટોપી પેહેરતો અને કોઈ વેળા નહિ. તે કદાચ એવું સમજતો હતો કે તેના ગુચ્છાદાર વાળ તેના માથાં માટે સારૂં પુરતું ઢાંકણ હતું.

૨. તે પોતાના ચેહેરા વિષે કાંઈ કાળજી રાખતો નહિ. કપડાં પેહેરવાની ફેશન (રૂઢી) કરતાં ખીસકોલી અને પક્ષીઓના માળા વિષે તે ઘણું વધારે જાણતો હતો.

૩. ઍન્ડિનું રેહેઠાણ ડુંગરાની બાજુ ઉપર જેવું તેવું ઘર હતું. તે ઘર બારીઓને બદલે બાકાં સાથનું માટી અને લાકડાંનું બાંધેલું હતું.

૪. હવે કદાચ તમને અચરતી લાગે કે કાદવના ઘરમાં રેહેનારા, એક ગરીબ ગામડયાના છોકરાને એક નાના પેહેલવાન તરીકે કેમ પીછાણુ કરવા આપણે જઇએ છિએ. પણ જરા થોભો: હીરો જ્યાં

સુધી કપાય અને પાલીશ થાય નહિ ત્યાં સુધી તે ખબરાયલો અને ઝાંખો પથ્થર છે; અને તેમજ ઍન્ડિના ફાટેલાં બદીઆન હેઠળ તો એક ખરા પેહેલવાનનું જીગર હતું.

૫. ઍન્ડિના બાપનાં ઝુપડાં આગળ આગગાડીની સડક હતી. ત્યાંથી પસાર થતાં ફુંફાડા મારતાં કાળાં એનજીનો, વરાળ, અને ધુમાડાનાં મોટા જથ્થા બહાર કાઢતાં, અને દેવાની ચીજોની માફક ડુંગરાઓ નીચે તથા ખીણોમાંથી કીકીઆરી પાડતાં આવતાં પેલે છોકરે વારંવાર દીઠાં હતાં.

૬. એક દિવસ, ઍન્ડિ સડક ઓળંગી જતો હતો, ત્યારે તેણે દીઠું કે કાંઈ નુકસાન થયું છે. આગગાડીની સડકો વિષે તે કાંઇ ઝાઝું સમજતો ન હતો, કારણ કે તે ઘણો નાનો હતો. પણ કાંઇ ખચીત નુકસાન જેવું હતું; અને જ્યારે રેલના પાટા પોતાની જગાએ ન રેહેતા ત્યારે ગાડીઓ ઊંધી વળી જતી તે વિષે ઍન્ડિએ સાંભળ્યું હતું.

૭. એટલામાં તેણે દુરનો ધીમો અવાજ સાંભળ્યો. એક ટ્રેન આવતી હતી! તે તો માત્ર છોકરો હતો, પણ કદાચ કોઇ રીતે તે ટ્રેનને અટકાવી શકે. તેને લાગ્યું કે તેણે તજવીજ કરવી જોઈએ, કારણ તે કરવાને કોઈ બીજું હતું નહિં.

૮. પોતે માર્યો જશે એવો વિચાર ઍન્ડિને કદી આવ્યો નહિ; પણ સડકની વચોવચમાં જઇને જે જગા વિશે મેં તમને કહ્યું છે તે જગા આગળ ઉભો, અને પોતાથી બન્યું તેમ પોતાના નાના હાથ તેણે લંબાવ્યા!

૯. ટ્રેન આગળને આગળ, વધારે નજદીક, અને વધારે અવાજ કરતી આવી. હાંકનારે છોકરાને સડક ઉપર દીઠો, અને રસ્તામાંથી દુર થવાને તેણે માટે સીસોડી વગાડી. ઍન્ડિતો તસુએ ખસ્યો નહિ.

૧૦. એન્જીને પાછી સીપટી ફોડી. છોકરો કદી ખસ્યો નહિ; તેણે તેની કાંઇબી દરકાર નહી કીધી તે ઉપરથી જોતાં તો તે પથ્થરનો ઘડેલો હોવો જોઈએ. એ ઉપરથી હાંકનારને ટ્રેન થોભાવવી પડી.

૧૧. તે એન્જીન ઉપરથી નીચે કુદી પડયો, અને ઍન્ડિ તરફના રસ્તા આગળ દોડયો. ત્રેનને મોડું થયું, અને હાંકનાર તેથી ગુસ્સે થયો. પણ જ્યારે તેણે દીઠું કે તે નાના બ્હાદુર છોકરાએ તેની તેમજ ગાડીઓ માહેલા સઘળાં લોકોની જીંદગી બચાવી હતી ત્યારે તેનો ગુસ્સો ખુશીમાં બદલાઇ ગયો.

૧૨. ગાડીમાંથી દરેક જણ શું બન્યું તે જોવાને બહાર નિકળ્યું. ત્યારે તેઓને લાગ્યું કે જો ઍન્ડિએ ત્રેનને થોભાવી ન હોત તો ગાડીઓ એક ઉભી કીનારી ઉપરથી નીચે પડી જાત અને તેના કકડે કકડા થઇ જાત.

૧૩. બાયડીઓએ ઍન્ડિના ખભરાયલા, ડાઘાવાળા ચેહેરા ઉપર બોકી લીધી, અને તેની ઉપર આંસું ટપકાવ્યાં અને ગ્રહસ્થોએ પોતાના બહેરી છોકરાં ઉપર નજર કીધી ત્યારે તેમની આંખ લુછી નાખતા બોલ્યા, "ખોદા એ છોકરાને સુખી રાખો!"

૧૪. અને એટલામાંજ બસ થયું નહિ; તેઓએ પોતાની કોથલીઓ બહાર કાઢી, અને તેને માટે પૈસાની એક મોટી રકમ ઉભી કીધી. જે તેણે કરયું હતું તે માટે તેને આપવા ખાતર નહિ—તેઓ જાણતાં હતાં કે તે તેમનાથી કદી બની શકે નહિ; પણ એટલુંજ કે તેઓ તે નાના છોકરાના કેટલાં આભારી હતાં તે મોહોડેથી બોલી દેખાડવા કરતાં તેને કરી દેખાડવું.

૧૫. ભલા, બાહાદુર નાના ઍન્ડિ! સઘળા ઉતારૂઓએ તેનું નામ—ઍન્ડિ મૂર-અને જ્યાં તે રેહેતો હતો તે ઠેકાણું લખી લીધું.

૧૬. ઍન્ડિનાં આ બાહાદુર કામને પંદર વરશ વહી ગયાંછે, અને અગર તમે જાણવાની ઇચ્છા કરો કે તે હાલ ક્યાં છે તો તે હું તમને કહીશ. એજ રેલવે ઉપર તે હાંકનાર થયો છે; અને તે છોકરો હતો ત્યારનું તેનું થંડાપણું, હિમત, સમયસુચકતા તે માટીડો થયો ત્યારે પણ તેનામાં જણાય છે.

The Three Sieves

ત્રણ ચાલણીઓ.

Sieves, *n.* (સિવ્ઝ) ચાલણી, vessels for sifting.
Child, *n.* (ચાઇલ્ડ) બચ્ચું; બાળક, Baby.
Tale, *n.* (ટેલ) વાર્તા, story.
Scarce, *adv.* (સ્કૅર્સ) કદાચ, hardly ; with difficulty.
Believe, *v. i.* (બીલીવ) માનવું, give credit to (it).
Sift, *v. t.* (સિફ્ટ) ચારવું, pass through.
Meaning, *n.* (મીનિંગ) મતલબ; અર્થ, sense ; signification.
Certainly, *adv.* (સર્ટેન્લિ) ખચીત, in fact ; positively. L. *Certus* from *Cerno* I distinguish.
Truth, *n.* (ટ્રૂથ) સચ્ચાઈ, sincerity ; reality.
Golden, *a.* (ગોલ્ડન) સોનેરી, shining ; made of gold.
Thread, *n.* (થ્રેડ) તાર, a small twist drawn out to a length : wire.
Quite, *adv.* (ક્વાઇટ) તદ્દન, entirely.
Matter, *n.* (મૅટર) બાબદ, subject. L. *Materia* matter.
Leaves, *v. t.* (લીવ્ઝ) રાખી મુકે, suffers to remain.
Grain, *n.* (ગ્રેન) અનાજ, corn.
Chaff, *n.* (ચૅફ) છતું, the husk of corn. L. *Cavus* hollow.
Final, *a.* (ફાઇનલ) છેલ્લી, last. L. *Finis* a boundary. [clay.
Test, *n.* (ટેસ્ટ) અજમાયસ, trial. L. *Testa* a piece of burnt
Need, *n.* (નીડ) જરૂરીયાત ; કારણ, necessity; cause ; reason.
Let the story go, બાબદ પડતી મુકો, let the subject be dropped. [not necessary ; useless.
Needless, *a.* (નીડલેસ) બીન જરૂરીયાત ; નકામું, not required ;
Tell, *v. t.* (ટેલ) કહેવું, say, make known.

ત્રણ ચાલણીઓ.

૧. **બાળક**—રે મા! મેં જે એક વાત સાંભળી છે તે સાંભળો! તે એટલી ખરાબ છે કે હું કદાચજ માની શકું—

મા—સબર, સબર, મારાં બાળક! જ્યાંસુધી આપણે તેને ચાલણીમાંથી ચાલીએ ત્યાંસુધી એક શબ્દ માનવો નહિ.

૨. **બાળક**—"ચાલણી?" જે કાંઇ તમે બોલ્યાં છો તેનો અર્થ ખચીત હું સમજતી નથી.

મા—સચ્ચાઇની ચાલણી: તેના સોનેરી તારમાંથી તારી ખાતરી છે કે તે વાત પસાર થઇ શકશે?

૩. **બાળક**—ના, તદન ખાતરી નથી. પણ તમારે માનવું જોઇએ; આખા શેહેરમાં બોલાય છે કે—

મા—થોભ, થોભ, મારાં બાળક! એક બીજી ચાલણીમાં એ બાબદ ગાળી કાઢીએ.

૪. **બાળક**—બીજી ચાલણી? તે શું હશે? ખચીત તમે મને હસાવાનું કરો છો!

મા—રૂપેરી ચાલણી, શું તે માયાળુ છે? ચાલો આપણે જોઇએ કે તે આપણે માટે અનાજ રેહેવા દે છે કે છલાં.

૫. **બાળક**—ના, તદન માયાળુ નહિ. તે સૌથી ખરાબ કે સૌથી સારી હોય પણ શું તે મારી માને કહું નહિ?—

મા—થોભ, થોભ! એક છેલ્લી અજમાયસ તરીકે લોખંડની ચાલણીથી આપણે એક વેળા ફરીથી અજમાયસ કરીશું.

૬. **બાળક**—અને લોખંડની ચાલણી તે શું? તેની અજમાયસ હું પુરતી રીતે સમજવા માગું છું.

મા—તે આ છે, મારાં બાળક; (તે વાત) **કેહેવાની કાંઇ જરૂર છે?** અગર નહિં તો ચાલો તે વાત પડતી મુકો.

૭. બાળક—તે કેહેવાની કાંઈ જરૂર તો નથી; તે કદાચ ખરી ન હોય; અને મારી ખાતરી છે કે તેમ કરવામાં માયાનું કામ નથી.

મા—ત્યારે જો હું તારી જગાએ હોતું તો જેમ પવન ઉપર છબ્બાં ઉડી જાય છે તેમ હું તે વાતને જવા દેવું.

The Snail on the Wall; or never give up.
ભીંત ઉપરની ગોકળગાય; યાને, કદી હીમત હારતા ના.

Snail, *n.* (સ્નેલ) ગોકળ ગાય, a slimy; creeping animal, a drone.

Ails, *v. t.* (એલ્સ) દુખ થાય છે, is wrong with.

Back, *n.* (બૅક) પાછળો ભાગ, hind part.

Tears, *n.* (ટીઅર્ઝ) આંસું, Drops of water from the eyes.

Dame, *n.* (ડેમ) ઘરડી બાઇડી; ડોસી, old woman.

Poem, *n.* (પોએમ) કવિતા, a piece of poetry. L. *Poema* from *Poieo* I make.

Learn, *pas. ger.* (લર્ન) મ્હોડે કરવું, prepare by heart; commit to memory.

Says, *v. t.* (સેઝ) બોલી જાયછે, recites.

Best, *adv.* (બેસ્ટ) ઉત્તમ રીતે, most eloquently; most finely.

Prize, *n.* (પ્રાઇઝ) ઇનામ, reward.

Sad, *a.* (સૅડ) દુખદાયક; દલગીરી ભરેલા, sorrowful.

Tone, *n.* (ટોન) અવાજ, sound of voice.

Mind, *v. t.* (માઇન્ડ) દરકાર કરવી, heed; care for; take notice of.

Hard, *a.* (હાર્ડ) અઘડા, difficult.

I should like, હું ખુશી છું, I am glad.

Dear, *a.* (ડીઅર) વહાલા, affectionate; beloved.

Kind, *a.* (કાઇન્ડ) નરમ; કૃપાળુ, gentle.

Slow, *a.* (સ્લો) ધીમો, **tardy**; delaying; inactive.
Snail, *n.* (સ્નેલ) ગોકળ ગાય, a kind of slow creeping **animal.**
Watch, *v. t.* (ઉવૉચ) તપાસો, **mark** well; notice.
Will get (to), *v. i.* (ઉવિલ ગેટ ટુ) પોહોંચશે, will reach.
In time, વખતસર, timely; at the proper time.
Gain, *v. t.* (ગેન) મેળવવું, obtain; get; win.
In the end, છેવટે, at last.
Like, *adv.* (લાઇક) likely; probably.
To lose heart, હિમત હારવાને; તમારાથી નહિ બને એવો વિચાર આવે, to be disheartened.
Keep up with, બરાબરી કરવી, be equal to; keep pace with.
Run a race, સરત કરવી, compete with; rival.
Resolved, *v. t.* (રીઝૉલ્વ્ડ) ઠેરાવ કીધો, determined; Made up his mind. L. *Re, solvo* I loose.
So hard, (સો હાર્ડ) not easy to learn.
Task, *n.* (ટૅસ્ક) પાઠ; ધડો, lesson.
Repeat, *inf.* (રિપીટ) બોલી જવું, recite. L. *Re, peto* I seek.
Recited, *v. i.* (રિસાઇટેડ) મોટેથી બોલી ગયા, repeated aloud L. *Re, cito* I call.
Turn, *n.* (ટર્ન) પાળી, time at which (he was to recite); chance.
Got up, *v. i.* (ગૉટ અપ) ઉભો થયો, stood; rose.
Fail, *v. i.* (ફેલ) બોલી શકે નહિ, be unable to say.
Miss, *v. t.* (મિસ) ચુકવું, omit.
Full of joy, ખુશીથી ભરાયું, filled with mirth.
The rest, (ધી રેસ્ટ) બાકીનો ભાગ, the remaining part.
Taught, *v. t.* (ટૉટ) શિખવ્યું, made to learn.

Please sir, મેહેરબાન સાહેબ, kind sir.
Crawl, *inf.* **(ક્રૉલ)** પેટે ચાલતાં, creep.
Bit by bit, આસ્તે આસ્તે, very slowly.
On and on, આગળ ને આગળ, forward.
Bit by bit, કકડે કકડે, in parts; piece by piece; gradually.
Give up, *v. i.* (ગિવ અપ) છોડી દેવું, abandon; leave off; be disheartened.
Cheers, *n.* (ચીઅર્ઝ) ખુશાલીના પોકાર, applause; shouts of joy.
Rang, *v. i.* (રૅંગ) ગાજી રહ્યું, was sounded with.
Glad, *n.* (ગ્લૅડ) ખુશી, cheer.

ભીંત ઉપરની ગોકળગાય; યાને, કદી હીમત હારતા ના.

૧. એક નાનો છોકરો જે બેલ દોસાંનાં ઘરની પછવાડે ભીંત આગળ બેઠો હતો તેને તેણીએ કહ્યું, "તને શું દુઃખ છે, છોકરા?" તેની પાસે હાથમાં એક ચોપડી હતી, અને તેની આંખમાં આસું હતાં.

૨. તે છોકરો જેનું નામ ટૉમ બ્લેર હતું તે બોલ્યો, **લિટલ જીમ** નામની એક કવિતા અમને સઘળાને ગોખવી છે, અને જે કોઇ તે સૌથી સરસ બોલી જશે તેને શિક્ષક તરફથી ઇનામ મળવાનું છે પણ હું નહિ ધારતો કે તે હું ગોખી શકીશ."

૩. "કાં નહિ?" દોસાંએ પુછ્યું.

"છોકરાઓ કહે છે કે મારાથી નહિ શિખાશે અને મારે તજવીજ કરવાની જરૂર નથી," ટૉમ દલગીર અવાજે બોલ્યો.

"છોકરાઓ જે કાંઇ કેહે તેની કાંઇ દરકાર કર ના. તેમને એટલુંજ જોવા દે કે તું શિખી શકે છે," તેના મિત્રે કહ્યું.

૪. ટૉમે કહ્યું, "પણ તે એટલી લાંબી છે અને કેટલાક શબ્દો એટલા અઘડા છે, કે તે હું શિખી શકું એવું હું ધારતો નથી. હું જાણું છું કે ઇનામ માટે મારે તજવીજ કરવી નહિ જોઇએ. પણ મને ભાવે

છે કે જેમ બને તેમ સારી પેઠે કવિતા મોઢે કરૂં; કારણ કે છોકરાઓ મારી મશ્કરી કરે છે, અને મને "ધીમો ટૉમ" કરી બોલાવે છે.

૫. તે ઘરડી સ્ત્રીએ માયાળુ અવાજે કહ્યું, "રે, પ્યારા, જો તું ધીરો હોય, અને તેનો ઉપાય તારા હાથમાં ન હોય તો જેમ લોકો કહે છે તેમ ધીમો અને ખાતરી ભરેલો થવાની તજવીજ કર. પેલી ભીંત ઉપર ગોકળગાયને જો; તે કેવી ધીમી છે! અને તોપણ જો તું તપાસીને જોશે તો તને માલૂમ પડશે કે તે વખતસર મથાળે જઇ પુગશે.

૬. એજ રીતે દરરોજ થોડી થોડી લીટીઓ શિખવાની કોશેસ કર, એટલે છેવટે તને ઇનામ મળશે અને જ્યારે તું હીમત હારવાની અણી ઉપર હોય ત્યારે દિવાલ ઉપરની ગોકળગાય વિશે વિચાર કરજે.

૭. બેલ દોસાં એટલું કહી પોતાને રસ્તે ગયાં. અને ટૉમે વિચાર કરયો કે જોકે તે છોકરાઓની બરોબરી કરી નહિ શકે તોપણ તે ગોકળગાય સાથ શરત કરી શકે. તેથી ગોકળગાય ભીંતને મથાળે જઇ પુગે એટલા વખતમાં પોતાનો પાઠ ભણવાને તજવીજ કરવાનો તેણે ઠરાવ કર્યો.

૮. આખરે જે દિવસે શિક્ષક ઇનામ આપવાના હતા તે આવી પુગ્યો, અને તેણે છોકરાઓને કવિતા બોલી જવાને બોલાવ્યા. જ્યારે પાંચ કે છ જન બોલી રહ્યા એટલે ટૉમની વારી આવી.

૯. જ્યારે તે ઉભો થયો ત્યારે મોટી હસાહસ થઇ રહી; કારણકે ઘણાખરા છોકરાઓએ વિચાર્યું કે તે નિષ્ફળ થશે. પણ તે એક શબ્દ ચુક્યો નહિ; અને જ્યારે શિક્ષકે "સાબાસ, ટૉમ બ્લેર!" કહ્યું ત્યારે તેનું દિલ ખુશીથી ભરાઇ ગયું.

૧૦. જ્યારે વર્ગના બાકીના તજવીજ કરી રહ્યા, ત્યારે શિક્ષકે કહ્યું કે ટૉમે સૌથી સરસ કરી હતી; અને તેણે તેને ઈનામ આપ્યું.

"અને હવે મને કહે, ટૉમ," શિક્ષકે કહ્યું, 'તું કવિતા એટલી સારી પેઠે કેમ ભણ્યો."

"મેહેરબાન સાહેબ, ભીંત ઉપરની ગોકળગાયે તે કેમ બણવી તે મને શિખવ્યું," ટૉમ બોલ્યો.

૧૧. જ્યારે ટૉમ આ બોલ્યો ત્યારે એક મોટી હસાહસ થઇ રહી. પણ શિક્ષક બોલ્યા, "છોકરાઓ, તમારે હસવાની જરૂર નથી; કારણ કે ગોકળગાય જેવી ચીજો ઉપરથી તમે ઘણું શિખી શકો–"ટૉમ, ગોકળગાયે તને કેમ શિખવ્યું?"

૧૨. "મેહેરબાન સાહેબ, મેં તેને ભીત ઉપર આસ્તે આસ્તે ચાલતાં દીઠી. તે ઉભી નહિ, અને પાછી ફરી નહિ, પણ આગળ ચાલ્યા કીધી અને મેં વિચાર કીધો કે મારા પાઠની સાથે પણ હું તેમજ કરૂં. તેથી મેં તે કકડે કકડે કીધો, અને હીમત હાર્યો નહીં. અને તે ગોકળગાય ભીંત ઉપર ચઢી રહી એટલા વખતમાં હું તે સઘળો કરી રહ્યો."

૧૩. "ઠીક કીધું, ટામ!" શિક્ષક બોલ્યા—"હવે, છોકરાઓ, ચાલો આપણે ટૉમ બ્લેર અને દિવાલ ઉપરની ગોકળગાય માટે ખુશાળીના પોકાર કરીએ." અને જુનું ઘર મોટા, લાંબા ખુશાળીના પોકારથી ગાજી રહ્યું. કારણ કે સઘળા ખુશી થયા કે "ધીમાં ટૉમને" આખરે ઈનામ મળ્યું.

Stories of Dogs.

કુતરાઓની વાતો.

Stories, *n.* (સ્ટોરિસ) વાતો, tales.

Town, *n.* (ટાઉન) શેહેર; કસબો, place larger than a village, not a city.

France is a country of Europe. Its capital is Paris which is situated on the Seine (સેન).

Were served, *v. t. pas.* (વેર સર્વ્ડ) આપવામાં આવતું હતું, were supplied. [middle of the day.

Dinner, *n.* (ડિનર) બપોરનું ખાનું, meal taken about the

Belonging to, *p. pr.* લગતો, pertaining to. [*esse* to be

Present, *a.* (પ્રેઝેન્ટ) હાજર, ready at hand. L. *Pre, sum,*

Meal, *n.* (મીલ) ખાણું, dinner.

Scraps, *n.* (સ્ક્રૅપ્સ) ટુકડા, bits; pieces.

Now and then, *adv.* વારેઘડીએ, frequently.

Guests, *n.* (ગેસ્ટ્સ) પરોણાઓ, visitors.

Hungry, *a.* (હંગ્રિ) ભૂખ્યા, full of appetite. [free.

Liberal, *a.* (લિબરલ) ઉદાર દિલના, free in giving. L. *Liber*

Hardly, *adv.* (હાર્ડ્લિ) કદાચજ, scarcely. [nose.

Smell, *v. t.* (સ્મેલ) સોડમ લેવો, perceive the odour by the

Feast, *n.* (ફીસ્ટ) ભોજન, meal L. *Festum* feast.

Happened, *v. i.* (હૅપન્ડ) બન્યું, came to pass.

Handed, *v. t.* (હૅન્ડેડ) આપતો, gave.

Received, *v. t.* (રીસીવ્ડ) લેતો, get. L. *Re, capio* I take.

Waited, *v. i.* (વેટેડ) ખોટી રહ્યો, stopped.

Having got, *com. p. p.* (હૅવિંગ ગૉટ) મેળવ્યું હતું તેથી; મેળવ્યાથી, having obtained.

Reached up, *v. i.* (રીચ્ડ અપ) આવી પોહોંચ્યો, went near.

Took hold of, (ટૂક હોલ્ડ ઑફ) પકડયું, seized.

At once, *adv.* (ઍટ વન્સ) તાબરતોબ, instantly.

Delight, *n.* (ડીલાઇટ) ખુશી, joy.

Rogue, *n.* (રોગ) લુચ્ચું પ્રાણી, knave; cunning animal.

Clever, *a.* (ક્લેવર) ચતુરાઇ ભરેલું, skilful; sagacious.

Regular, *a.* (રેગ્યુલર) રોજીંદી, daily. L. *Rego* I rule.
Went on, *v. i.* (ઉવેન્ટ ઑાન) ચાલુ રહ્યો, continued.
Watchmen, *n.* (ઉવ્ઑાચમેન) પહેરેગીરો, men on the look out; guards; sentinels.
Whining, *v. n.* (ઉવ્હાનિંગ) રડવાનું, ભસવું, mournful cry.
(Having) tied, *com. perf. p.* (ટાઇડ) બાંધીને, fastened.
Lantern, *n.* (લૅન્ટર્ન) ફાનુસ, glass case in which a light is placed and which may be carried about in the hand.
Neck, *n.* (નેક) ગરદન, the part of the body between the head and the trunk.
Followed, *v. t.* (ફૉલોડ) પુઠે ગયા, went after.
Beach, *n.* (બીચ) કિનારો, shore.
Stretched, *p. p.* (સ્ત્રેચ્ડ) લંબાઇને પડેલાં, lying at full length
All but dead; લગભગ મુવેલાં, nearly dead.
Used, *v. t.* (યૂઝ્ડ) અજમાવ્યા, applied; made use of. L. *Utor* I use.
Means, *n.* (મીન્સ) ઉપાય, resources; remedy.
Revive, *ger.* (રીવાઇવ) હુશિયાર કરવા, restore to life. L. *Re*, *vivo* I live.
Nearly, *adv.* (નીઅર્લિ) લગભગ, almost.
Next, *a.* (નેક્સ્ટ) બીજી, following.
Came round, *v. i.* સાજી થઇ, recovered.
Bitterly, *adv.* (બિટર્લિ) પોકેપોક, loudly.
Wept, *v. i.* (વ્વેપ્ટ) રડી, cried.
Sailed, *v. i.* (સેલ્ડ) made a voyage.

Ship, *n.* (શિપ) વહાણ, vessel.
Storm, *n.* (સ્ટૉર્મ) તોફાન, tempest.
(Had been) driven, *v. t. pas.* (ડ્રિવન) ધસડાઇ ગયું, drifted.
(Had been) wrecked, *v. t. pas.* (રેક્ડ) ભાંગીને ચુરેચુરા થઇ ગયું, broken to pieces.
Only, *a.* (ઓન્લિ) એકપુરી, sole.
Remember, *v. t.* (રીમેમ્બર) યાદ રાખવું, recollect; call to mind. L. *Re, memor* mindful.
Breaking up, *v. n.* (બ્રેકિંગ અપ) ભંગ, fracture; wreck.
(Had been) dragged, *v. t. pas.* (ડ્રૅગ્ડ) ધસડી લઇ જવામાં આવી; ખેંચી કાઢવામાં આવી, carried; drawn.
Ashore, *adv.* (ઍશોર) કિનારે, on shore.
Clasped, *p. p.* (ક્લૅસ્પડ) ખુબ ડાબેલું, embraced closely.
Drowning, *v. n.* (ડ્રાઉનિંગ) ડુબી મરતાં, sinking and perishing. [*Traho* I draw.
Treated, *v. t.* (ટ્રીટેડ) માવજત કીધી, used; took care of. L.
Kindly, *adv.* (કાઇન્ડલિ) કૃપાથી; માયાથી, with good-will favourably; tenderly.
Later, *adv.* (લેટર) પછવાડેથી, after; subsequently.
Floated, *v. i.* (ફ્લોટેડ) તરી ગયો, swam.
Spar, *n.* (સ્પાર) ડોળ કાઠી, beam of a ship.
(Had been) picked up, *v. t. pas.* (પિક્ડ અપ) ઉપાડવામાં આવ્યો, taken up.
Passing, *p. a.* (પાસિંગ) જતું, going by.
Thankful, *a.* (થૅંકફુલ) આભારી, grateful.
Mercy, *n.* (મર્સિ) દયા, grace. L. *Merces* pay, reward.

Owed, *v. t.* (ઓડ) આભારી હતાં, had to thank; were indebted.

Noble, *a.* (નોબ્લ) ચાલાક, ingenious; excellent. L. *Nosco* I know.

Reached, *v. t.* (રીચ્ડ) આવી પોહોંચ્યાં, arrived at.

Collar, *n.* (કૉલર) પટો, a belt which is tied round the neck. L. *Collum* the neck.

Story, *n.* (સ્ટોરિ) હેવાલ; વાત, account; tale.

Brave, *a.* (બ્રેવ) મરદાનગીવાલાં, manly; bold.

Act, *n.* (ઍક્ટ) કામ, deed; thing done. L. *Ago* I do.

Was told, *v. t. pas.* (ઉવૉઝ ટોલ્ડ) વર્ણન કરેલું હતું, was narrated; was mentioned.

કુતરાઓની વાતો.

૧. ફ્રાંન્સની દક્ષિણે એક શેહેરમાં, દરરોજ વીસ ગરીબ લોકોને ચોકસ કલાકે ભોજન આપવામાં આવતું હતું. આ ભોજન આપતી વેળાએ, પોતાની તરફ જે કકડા ભુકલા ફેંકવામાં આવતા હતા તેની રાહ જોતો તે જગાને લગતો એક કુતરો હંમેશા હાજર રેહેતો હતો.

૨. પરોણાઓ તો ગરીબ અને ભૂખ્યા હતા, અને અલબતાં ઘણા ઉદાર ન હતા. જેથી તે ગરીબ કુતરો જે ભોજનનો હિસ્સો લેવાને ચાહે તેની સોડમ લેવા શિવાય બીજું કાંઇ વધારે મુશકેલાઇથી કરી શકતો.

૩. હવે એવું બનતું હતું કે એક ઘંટ વગાડવાથી દરેક જણાને આ ભોજન આપવામાં આવતું હતું; પણ ખાવાનું આપનાર શખસ ભોજન એક નાનાં બાકોરામાંથી આપતો હતો તેથી તે કોણ લેતું હતું તે તેને જણાતું ન હતું.

૪. હવે, એક દિવસ સઘળા ગરીબ માણસો ગયા ત્યાંસુધી પેલો કુતરો ખોટી રહ્યો. પોતાને ખાવાનુ કાંઇ નહિ મળવાથી તે દોરડાં સુધી પહોંચ્યો અને તે તે ઝાલીને ઘંટ વગાડયો. એકદમ સારૂં ભોજન આપવામાં આવ્યું, અને કુતરે તે મોટી ખુશી સાથે ખાધું.

૫. આ તે કુતરે ઘણાક દિવસ સુધી કર્યા કીધું; પણ આખરે લુચ્ચો પકડાઇ આવ્યો. એક કુતરો આવું કામ એટલી ચાલાકીથી કરે એવું જ્યારે વિચારવામાં આવ્યું ત્યારે તેને દરરોજ ભોજનની વેળાએ પોતાની નિયમીત પાળી લેવા દેવામાં આવતી અને આ પ્રમાણે લાંબો વખત સુધી તેણે ઘંટ વગાડવાનું અને ગરીબો સાથે પોતાનું ભોજન લેવાનું ચાલુ રાખ્યું !

૬. એક અંધારી રાત્રે, આપણા એક કોસ્તા ઉપરના એક નાનાં ગામડાના ચોકીદારોએ એક કુતરાના રડવાનો અવાજ સાંભળ્યો. તેઓ બહાર તે કુતરા આગળ ગયા, અને તેની કોટે એક ફાનસ બાંધીને તેઓ તેની પુઠે કિનારા ભણી ગયા.

૭. ત્યાં તેઓએ એક બાઇડી અને બે વર્ષના તેના એક નાના બાળકને રેતી ઉપર પડેલાં તથા દેખાવે મુવેલાં જેવાં દીઠાં.

૮. તેઓ તેમને આસરે અર્ધા માઇલ દુર આવેલાં એક ઘરમાં લઇ ગયા અને તેમને સજીવન કરવાના ઉપાય ચલાવ્યા. બીજી સવારે પેલું બાળક લગભગ તદન સાજું થયું. પણ પેલી બાઇડી ઘણી આસ્તે આસ્તે સુધરી.

૯. તોપણ થોડાક દિવસ પછી તેણીથી બોલી શકાયું. જે પહેલા બોલ તેણી બોલી તે આ હતા કે રૉબર્ટ કયાં છે—મારો ધણી કયાં છે ? અને તેણી જ્યારે સમજી કે પોતાના વ્હાલા ભરથારને તેણી કદી જોશે નહિ ત્યારે તેણી પોકેપોક રડી.

૧૦. કેટલાંક અઠવાડયાં પૂર્વે તેણીએ તેની સાથ તેનાં 'મેરી મે'

નામનાં વ્હાણુમાં સફર શરૂ કીધી હતી, તેમને એક પછી એક તોફાન લાગ્યાં હતાં; અને આખરે તે વ્હાણુ એક ખડક ઉપર ઘસડાઇને ભાંગી ગયું.

૧૧. વ્હાણુ ભાંગી જવા પછી જે એક પુરી બાબદ તે ભલી બાઇડી યાદ રાખી શકી હતી તે આ હતી કે કોઇએ તેણીને કિનારા ઉપર ઘસડી આણી હતી અને તેણીએ તે બાળકને પોતાના હાથમાં મજબુત દાબી રાખ્યું હતું.

૧૨. જેણે તેમને ડુબી મરતાં બચાવ્યાં હતાં અને પેલા ચોકી-દારો જેઓએ તેમની ઘણી માયાથી માવજત કરી હતી તેમને મદદને માટે આણયા હતા તે તેમનો નિમકહલાલ કુતરો હતો.

૧૩. એક બે દિવસ પછી જ્યારે તેણીએ જાણ્યું કે તેણીનો ભરથાર પણ હૈયાત હતો ત્યારે તેણીને કેવી ખુશાળી ઉપજી હતી! તે આખી રાત એક ડોલ કાઠી ઉપર તરતો રહ્યો હતો, અને સવારે સકારામાં એક પસાર થતાં વ્હાણ ઉપર (તેને) ઉંચકી લેવામાં આવ્યો હતો.

૧૪. બાપ, મા, અને બાળકને એકમેકને ભેટવાથી મોટી ખુશાલી ઉપજી અને ખોદાની દયા માટે તે સાહેબનો તેઓએ અત્યંત આભાર માન્યો. અને પોતાના ભલા કુતરાને તેઓ કેટલાં આભારી હતાં તે તેઓ કદી ભુલ્યાં નહિ. તેઓ પોતાને ઘરે પુગ્યાં એટલે તુર્તજ પેલા નાખુદાએ તે (કુતરા) માટે એક નવો ગળપટો બનાવ્યો કે જે ઉપર તેના બ્હાદુર કામની વાતો (કોતરાવેલી) લખેલી હતી.

Grand Papa.

મોટા બાવા.

Grand papa, *n.* (ગ્રૅન્ડ પપા) બપાવા; મમાવા, father's father; mother's father.

Walks, *v. i.* (વૉક્સ) ચાલે છે, to advance by step.

But slow, માત્ર ધીમેથી, very slowly.

Likes, *v. t.* (લાઇક્સ) પસંદ કરેછે, loves; chooses.

Still, *abv.* (સ્ટિલ) શાંત, quiet. [chair to lie in.
Easy-chair, *n.* (ઇઝિ-ચેર) લેટવાની મોટી ખુરસી; ઇઝિચેર, a long
Hush, *interj.* (હશ) ચુપ, silent.
Quietly, *abv.* (ક્વાએટલિ) ચુપચુપ; છાનામાંના, noiselessly; silently. L. *Quietus* quiet.
Mamma, *n.* (મમા) મા, mother.
Trouble, *inf.* (ટ્રબ્લ) હરકત કરવી, disturb. L. *Turda* a crowd.
Thin, *a.* (થિન) પાતલા; નાજુક, delicate.
Weak, *a.* (ઉવીક) નબલા feeble.
Hard, *adv.* (હાર્ડ) ઘણું, much. [honour.
Honest, *a.* (ઑનિસ્ટ) પ્રમાણીક, fair in dealing. L. *Honor*
Won, *v. t.* (ઉવન) મેળવ્યું, gained. [*tium* price.
Praise, *n.* (પ્રેઝ) વખાણ, applause; approbation. L. *Pre-*
Tenderly, *adv.* (ટેન્ડરલિ) માયાથી, kindly. L. *Tener* soft.
Honour, *inf.* (ઑનર) માન આપવું, respect. L. *Honor* honour
(Are) growing, *v. i.* (ગ્રોઇંગ) થતી, getting; becoming.
Dim, *a.* (ડિમ) ઝાંખી, dull; weak.
Sorrow, *n.* (સૅારો) દલગીરી, grief.
Love-light, *n.* (લવ-લાઇટ) કુટુંબ તરફનો પ્યાર, family love.
Courage, *n.* (કરેજ) હિંમત, brave heart. L. *Cor*, cordis the heart. [trust.
Faith, *n.* (ફેથ) ખોદા ઉપરનું યકીન, trust in God. L. *Fido* I
Need, *n.* (નીડ) ગરજ, necessity.
Wearing few, (ઉવેરિંગ ફ્યૂ) ઓછાં થતાં જાયછે, growing fewer.
Blessing, *n.* (બ્લેસિંગ) આશિર્વાદ, benediction.
Lived, *p. p.* (લિવ્ડ) ગુજારેલી, led; passed.

Fight, *n.* (ફાઇટ) લડાઇ, battle.
Fought, *p. p.* (ફૉટ) મારેલી, waged; contested.
True, *a.* (ત્રુ) પવિત્ર; સાચું, pure; honest.
Equal, *a.* (ઇકવલ) શાંત, calm. L. Æquus equal.
Bear, *v. t.* (બેર) જાળવી રાખો, keep up.

મોટા બાવા.

૧. મોટા બાવાના વાળ ઘણા સફેદ થયા છે, અને તે ઘણો ધીમેથી ચાલે છે: જ્યારે બાળકો આવજાવ કરે છે ત્યારે તે પોતાની આરામ લેવાની ખુરસી ઉપર શાંત બેસવાને પસંદ કરે છે. મા કહેછે, "ચપો! મુગાં રમો, વ્હાલા મોટા બાવાને કંટાળો ના આપો."

૨. મોટા બાવાના હાથ પાતલા અને નબલા છે. આખી ઉમર સુધી તેણે (હાથે) કઠણ મહેનત કરેલી છે; તે મજબુત જમણો હાથ, અને પ્રમાણીક હાથ છે કે જેથી સઘળા માણુસોનાં વખાણ મેળવ્યાં છે. મા કહે છે "તે (હાથ) ને આસ્તે રહી બોકી કરો; (અને) દરેક જન મોટા બાવાને માન આપો."

૩. મોટા બાવાની આંખો ઝાંખ મારતી જાય છે. તેઓએ (આંખોએ) દુઃખ અને મરણ દીઠાં છે; પણ તેઓમાંથી કુટુંબ તરફની મોહોબત તથા હિંમત અને ઇશ્વર ઉપરનો વિશ્વાસ નિકળી ગયાં નથી. મા કહે છે, "બાળકો તમે સઘળાંને મોટા બાવા તરફ જોવાની (આશા રાખવાની) ગરજ છે."

૪. મોટા બાવાના વરસ ઓછાં થતાં જાય છે પણ તે પોતાની પાછળ આશીર્વાદ છોડી જાય છે; તેઓએ નેક રીતે પોતાની જીંદગી ગુજારી છે, અને સારી (જીંદગી) લડત ચલાવી છે, તેમનું અંતઃકરણ સાચું છે, અને મન સ્થીર છે. મા કહે છે, "મારા બાળકો, યાદ રાખજો કે તમારા મોટા બાવાનું નામ તમે ધરાવો છો."

The Book of Thanks.
ઉપકારની ચોપડી.

Albert, *n.* (ઍાલબર્ટ) નામ ઍાલબર્ટ, the name of a man.
Vexed, *p. p.* (વેક્સ્ડ) દુખી થયલો, troubled. L. *Vexo* I trou-
Out of temper, ગુસ્સે; angry; passionate. [ble.
Really, *adv.* (રીઅલિ) ખરેખર, truly.
Injure, *ger.* (ઇન્જ્યૂર) દુઃખ દેવું, hurt; harm. L. *In.jus* right.
Sort, *n.* (સૉર્ટ) જાત, kind.
Pocket, *n.* (પૉકેટ) ગજવું, a small bag inserted in a garment for carrying small articles. Sax *Pocca* a bag.
Do, please, મહેરબાની કરી વાંચો, kindly, do read. [use.
Lent, *v. t.* (લેન્ટ) વાપરવા આપી, granted for temporary
Lost, *v. t.* (લૉસ્ટ) ખોઈ દીધી, parted from; mislaid.
Invited, *v. t.* (ઇન્વાઇટેડ) બોલાવ્યો, asked. L. *Invito* I invite.
Cherries, *n.* (ચેરિઝ) ચૅરી નામના ફળો, a kind of well-known fruit. L. *Cerasus* a city in Pontus.
After-all, *adv.* (આફ્ટર-ઍાલ) સઘળું તપાસતાં, when all has been weighed, said, or done; taking every thing into consideration.
Kindness, *n.* (કાઇન્ડનેસ) મહેરબાની, favour.
Wonder, *v. i.* (વન્ડર) અચરત થવું, be surprised; be struck with astonishment.
Good, *n.* (ગુડ) ફાયદો, benefit; advantage. [neglect.
Forget, *v. t.* (ફર્ગેટ) ભુલી જવું, let go from the memory;
Trusted, *v. i.* (ટ્રસ્ટેડ) ભરોસો મુકયો, Confided in; relied on.
Memory, *n.* (મેમરિ) યાદદાસ્તશક્તિ, remembrance; power to remember. L. *Memor* mindful.

Ungrateful, *a.* (અન્ગ્રેટફુલ) નિમકહરામ; બેઇમાન, unthankful. L. *Gratus* thankful. [I please.

Pleasant, *a.* (પ્લેઝન્ટ) ખુશકારક, glad; joyful. L. *Placeo*

Put down, *v. t.* લખેલું wrote.

Certainly, *adv.* (સર્ટન્લિ) ખચીત, surely. L. *Certus* certain.

Passing, *p. pr.* (પાસિંગ) આપતાં, handing over; giving.

Spend, *inf.* (સ્પેન્ડ) ગુજારવો, pass. L. *Ex, pendo* I weigh.

Visit, *n.* (વિઝિટ) મુળાકાત, act of going to see. L. *Video* I see.

Plums, *n.* (પ્લમ્ઝ) આળુ, a kind of fruit. [how I did.

Asked after me, મારી ખબર અંતર પુછી, inquired to know

Getting better, તબિયતમાં સુધરતો હતો; સાજો થતો હતો, improving in health.

Remind, *ger.* (રીમાઇન્ડ) યાદ દેવડાવે; યાદ આપે. put in mind.

Constant, *a.* (કૉન્સ્ટન્ટ) હંમેશની, daily. L. *Con, sto* I stand.

Care, *n.* (કેર) કાળજી, mindfulness; attention. L. *Cura* care

Goodness, *n.* (ગુડનેસ) મહેરબાનીનાં કામ; ભલાઇ, acts of kindness.

Repay, *v. t.* (રીપે) બદલો વાળવો, return; pay back.

Beginning, *n.* (બીગિનિંગ) શરૂઆત, commencement.

Gift, *n.* (ગિફ્ટ) બક્ષેસ. boon.

From above, (ફ્રૉમ અબવ) ખોદા તરફથી, from God.

Owe thanks, *v. t.* (ઓ થંકસ) આભારી છું, am indebted to; am obliged to.

Blessings, *n.* (બ્લેસિંગ્સ) સુખ, happiness.

Enjoy, *v. t.* (એન્જોય) ભોગવું છું, delight in; take pleasure in possession of. L. *En, gaudeo* I am glad.

Blank book, *n.* કોરાં પાણાની ચોપડી, a book to write in.
Too, *adv.* (ટૂ) પણ, also.
Will keep, *v. t.* રાખવું, to take charge of.

ઉપકારની ચોપડી.

ઑલ્બર્ટ—બેન ઉપર મને એટલો ગુસ્સો અને ચિડ લાગે છે કે ખરેખર મારે—

પીતરાઇ કલૅરા—તેને નુકસાન કરવાને કાંઇ કરવું જોઇએ ?

ઑલ્બર્ટ—અરે, નહિ; હું જે કાંઇ કહેવા જતો હતો તે એ નહિ, પણ તે એ કે મારે "ઉપકારનું પુસ્તક" જોઇ જવું જોઇએ.

કલૅરા—ઉપકારનું પુસ્તક! તે કેવું પુસ્તક છે, તે જાણવાની મારી મરજી થાય છે.

ઑલ્બર્ટ—(પોતાના ખીસામાંથી એક નાની ચોપડી કાઢીને) બોલ્યો આ રહ્યું. એમાંથી હું વાંચું ?

કલૅરા—મેહેરબાની કરી વાંચો.

ઑલ્બર્ટ—"તા૦ ૮ મી જુન બેને મને પોતાનું નવું બૅટ (દડા દાવ રમવાનું પાટયુ) વાપરવા આપ્યું." "જ્યારે મારી શિલિંગ (૧૨ પૅન્સની કિંમતનો સીક્કો) ખોવાઇ ગઇ ત્યારે બેને તે મને શોધી આપી." "તા૦ ૩૦ મી જુન. બેને પોતાના બાપની વાડીમાં જવાને અને થોડાં ચેરી ફૂળ લેવાને મને બોલાવ્યો," જેથી સઘળું ધ્યાનમાં લેતાં બેન એક સારો માયાળુ છોકરો છે.

કલૅરા—કાં, ઑલ્બર્ટ, તમારી ચોપડીમાં તમે શું લખો છો ?

ઑલ્બર્ટ—મારી ઉપર થયલી મેહેરબાનીનાં સઘળાં કામો. અને તમે આશ્ચર્ય પામશો કે તે કેટલાં બધાં છે! તેમની નોંધ કરી લીધાથી

મને ઘણો ફાયદો જણાય છે. મારી યાદદાસ્ત શકતી ઉપર આધાર રાખવાથી જેમ હું ભુલી જાઉં, તેમ હું તેમને ભુલી જતો નથી; તેથી હું આશા રાખું છું કે હું વારંવાર નિમકહરામ બનતો નથી. અને જ્યારે હું ગુસ્સે થાઉં છું અથવા સ્વભાવ ખોઊં છું ત્યારે જો હું મારી ચોપડીમાં જોઊં તો મને હંમેશ ખુશાળી લાગે છે.

કલૅરા—તમે કેવી જાતની બાબદો નોંધી લેવો છો તે જોવાની મારી ઈચ્છા થાય છે. ઑલ્બર્ટ તમારી ચોપડી મને જોવા દેશો?

ઑલ્બર્ટ—(ચોપડી આપીને) ખચીત, કલૅરા.

કલૅરા—(લે છે અને વાંચે છે.) "હિત્રીએ પોતાની સાથે દિવસ ગુજારવાને કૃપાની રાહે મને બોલાવ્યો, અને મારી મુલાકાત ખુશકારક કરવાને તેનાથી જે બન્યું તે તેણે કર્યું." "મીસીસ ડેએ મને થોડાંક સારાં આળુ આપ્યાં." "જ્યારે હું માંદો હતો ત્યારે ફ્રેડ ચર્ચિલ દરરોજ મારી ખબર પુછતો, અને જ્યારે હું સાજો થતો હતો ત્યારે તે મને જોવા આવતો." "અને 'બાપ તથા મા' એ શબ્દો દરેક પાણાને મથાળે મુકેલા હું જોઊં છું; તે શામાટે, ઑલ્બર્ટ?"

ઑલ્બર્ટ—અરે, તેઓ તો મારી તરફ એટલા ભલાં છે, અને મારે માટે એટલું બધું કરે છે, કે તે સઘળું મારાથી નોંધી શકાતું નથી, અને તેથી તેમની સદાની કાળજી અને ભલાઇની મને યાદ આપવાને હું માત્ર તેમનાં નામની નોંધ કરૂં છું હું જાણું છું કે તેમનો બદલો મારાથી વાળી શકાશે નહિ. જે કાંઇ મેં ચોપડીની શરૂઆતમાં લખ્યું છે તે વાંચો.

કલૅરા—(વાંચે છે) "દરેક રૂડી બક્ષેસ ઇશ્વર તરફથી મળે છે."

ઑલ્બર્ટ—એ મને યાદ દેવડાવા માટે છે કે જે સઘળાં સુખો હું ભોગવું છું તે માટે ખોદાનો હું આભારી છું.

કલૅરા—વાહ, ઑલ્બર્ટ, મારે કેહેવું જોઇએ કે મને તમારી ચોપડી ઘણી ભાવે છે. મારે માટે એક કોરી ચોપડી આણવાને હું પણ માને કહીશ અને હું પણ "ઉપકારનું પુસ્તક રાખીશ."

Little Robert, the Trapper.
ખાણના દરવાજા આગળ બેસનાર નાનો રૉબર્ટ.

Robert, *n.* (રૉબર્ટ) નામ "રૉબર્ટ" the name of a man.
Trapper, *n.* (ટ્રૅપર) ખાણના દરવાજા આગળ બેસનાર; ખાણનો દરબાન, one who sits at the trap door.
Pitmen, *n.* (પિટમૅન) ખાણ ખોદનારા, those who dig mines.
Were at work, (ɀવેર ઍટ ɀવર્ક) ખાણ ખોદવામાં કામે લાગા હતા, were engaged in digging a mine.
Thunder, *n.* (થન્ડર) ગગડાટ, the sound which follows a flash of lightning. L. *Tono* I thunder. [out.
Was out, *v. i.* બુઝવાઈ ગયો, was extinguished; was put
Tools, *n.* (ટૂલ્ઝ) હથિયાર, instruments; implements.
Shaft, *n.* (શૅફ્ટ) ખાણમાં જવાનો લાંબો સાંકડો રસ્તો, long, narrow opening into a mine.
Are missing, *v. i.* (આર મિસિંગ) ગુમ થયા છે. are lost.
Rush, *v. i.* (રશ) ધસ્યા જાય છે, go in a hurry.
Are taken up, *v. t. pas.* (આર ટેકન અપ) ઉપર લેવામાં આવે છે, are raised up. [a contest.
Agony, *n.* (ઍગૉનિ) મનની વેદના, pain of mind. Gr. *Agon*
Rescue, *n.* (રેસ્ક્યુ) છુટકારો, relief. L. *Re*, *ex*, *quatio* I shake.
Heap, *n.* (હીપ) ઢગ, mass. [*Ruo* I fall.
Ruins, *n.* (રૂઇન્સ) નાશ પામેલી ચીજો, destroyed things. L.
Shout, *v. i.* (શાઉટ) પોકાર કરે છે, cry loudly.
Up go, *v. i.* (અપ ગો) are raised.
Pick-axe, *n.* (પિક-ઍક્સ) કુહાડો, a kind of tool in the form of a large axe, with a sharp point instead of a head.

Shovels, *n.* (શવ્હેલ્ઝ) પાવડાઓ, instruments consisting of a broad scoop or blade with a handle.

To clear, *ger.* (ટુ ક્લીઅર) ખુલ્લો કરવો, Make clear or free from obstructions. L. *Clarus* clear.

Labour, *n.* (લેબર) મહેનતનું કામ, fatiguing toil or exertion. L. *Labor* labour. [*volvo* I roll.

Involves, *v. t.* (ઇન્વૉલ્વ્ઝ) ધરાવે છે; તેમાં છે, has in it. L. *In*,

Risk, *n.* (રિસ્ક) જોખમ, peril; hazard. [in multitudes.

Flock, *v. i.* (ફ્લૉક) જમાવ થાયછે, gather in crowds; assemble

Quarters, *n.* (ક્વૉર્ટર્ઝ) ભાગ; જગા, parts; places. L. *Quartus* the fourth part of any thing.

Offer, *ger.* (ઑફર) આપવા કહેલું, tender; present for acceptance or rejection. L. *Ob, fero* I bear.

Help, *n.* (હેલ્પ) મદદ, aid; assistance.

Tapping, *v. n.* (ટૅપિંગ) ઠોકો, striking; knocking.

Stopped, *v. i.* (સ્ટૉપ્ડ) બંધ થયું, ceased.

Mean, *v. t.* (મીન) અર્થ કાઢવો, signify.

Guessed, *v. i.* (ગેસ્ડ) અટકળ બાંધી, conjectured; surmised.

Deliverance, *n.* (ડીલિવરન્સ) છુટકારો, rescue; L. *De, liber.*

Shout, *n.* (શાઉટ) પોકાર, exclamation. [free.

How......prisoners, દટાઇ ગયલા ગરીબ મજુરો કેમ છે ? how do the poor workmen who are left behind do ?

(Were) frightened, *v. t. pas.* (ફ્રાઇટન્ડ) બીધેલા, terrified; alarmed.

Awful, *a.* (ઑફુલ) ભયંકર, formidable; dreadful.

What it meant (વ્હૉટ ઇટ મીન્ટ) Here *It* stands for *Noise*.
What it signified.

Passage-way, *n.* ખાણમાં જવાનો રસ્તો, gallery; Passage in [the mine.

(Was) blocked up, *v. t. pas.* (બ્લૉકડ અપ) પુરાઇ ગયલો; બંધ થઈ ગયલો, shut up; stopped up.

(Were) buried, *v. t. pas.* (બિરિડ) દટાઇ ગયલા, interred.

Alive, *a.* (ઍલાઇવ) જીવતા, in life; living.

Husky, *a.* (હસ્કિ) ઘાડો, thick.

Grew, *v. i.* (ગ્રૂ) થઇ, became.

Close, *a.* (ક્લોઝ) ઘાડી, dense; thick. L. *Claudo* I shut.

Suffocating, *p. a.* (સફોકેટિંગ) દમમાં નહિ લેવાય એવી, hard to breathe.

Oil-cans, *n.* (ઑઇલ-કૅન્ઝ) તેલના ડબા, vessels in which oil [is kept.

Galleries, *n.* (ગૅલરીઝ) રસ્તા. passages.

Hewers, *n.* (હ્યુઅર્ઝ) ખાણમાં કામ કરનારા, workers in a mine.

Religious, *a.* (રીલિજ્યસ) ધર્મી; ખોદાથી ડરી ચાલનાર,godfearing; pious. L. *Re, ligo* I bind.

Call upon, *v. t.* (કૉલ અપૉન) યાદ કરજો, remember,

Trouble, *n.* (ટ્રબ્લ) આફ્ત; દુખ, calamity; misfortune. L. T*urba* an uproar.

Deliver, (ડીલિવર) છુટકારો કરવો, relieve. L. *De, liber* [free.

Knelt, *v. i.* (નેલ્ટ) ઘુંટણ મંડયે પડયા, rested on the bended knees.

Prayed, *v. i.* (પ્રેડ) બંદગી કીધી, addressed God with solemnity and reverence. L. *Prœcor* I ask.

One, nominative case to the verb *prayed* under stood. or nominative case in apposition to "pitmen."

Other, nominative case to the verb *prayed* under stood. or nominative case in apposition to "pitmen."

Their hearts grew lighter, તેમના જીગરમાંથી દલગીરી નિકળી ગઇ, they became more calm & collected.

Lighter, *a.* વધારે કરારવાળાં, easier. [of success.

Hopeless, *a.* (હોપલેસ) નિરાશ, despairing; giving no hope

Task, *n.* (ટૅસ્ક) કામ, work.

To cut through, *inf.* આરપાર કોતરી કાઢવો, to pierce.

Terrible, *a.* (ટેરિબ્લ) ભયંકર, frightful; dreadful; formidable. L. *Terreo* I frighten.

Mass, *n.* (મૅસ) ઢગ, heap. [*liber* free.

Deliverers, *n.* (ડીલિવરર્ઝ) છુટકારો કરનારા, rescuers. L. *De*,

Encouraged, *v. t.* (એન્કરેજ્ડ) હિમત આપી, exhorted; gave courage to; L. *En*, *cor*, *cordis* the heart.

Rescue, *n.* (રેસ્ક્યુ) છુટકારો, deliverance from danger. L. *Re*, *ex*, *quatio* I shake.

Too anxious even to speak, તેઓ એટલા તો આતુર હતા કે કાંઈ બોલે પણ નહિ, they were so full of anxiety that they could not even utter anything.

Knocks, *n.* (નૉક્સ) ઠોકા, tappings. [a chamber.

Comrades, *n.* (કૉમ્રેડઝ) સોબતીઓ, companions. L. *Camera*

Feeble, *a.* (ફીબ્લ) સેહેજ; દબાયલા, faint; subdued.

Was too much......senseless, તે સમાવી શકયો નહીં અને તે હર્ષમાં આવી બેશુદ્ધ હાલતમાં નીચે પડયો. was so great for his heart to contain that he fell down in a swoon.

Senseless, *a*. (સેન્સલેસ)મુવેલો હોય તેમ બેભાન, as if dead. L. *sentio* I feel. [*scribo* I write.

Describe. *v. t.* (ડીસ્ક્રાઇબ)વર્ણન કરવું, relate; narrate. L. *De,*

Gratitude, *n*. (ગ્રૅટિટયુડ) આભાર ; ઉપકાર, thankfulness. L. *Gratus* thankful. [resounded in.

Rent, *v. t.* (રૅન્ટ) ફાડી નાખી, split with sudden violence:

Came in sight, દેખાયો, was seen.

Safe, *a*. (સેફ) સલામત, is sound.

(Be) praised, *v. t. pas*. (પ્રેઝડ) કીર્તિ ગાવી, commended; thanked. L. *Pretium* price.

ખાણનાં દરવાજા આગળ બેસનારો—નાનો રૉબર્ટ.

૧. એક સવારે જ્યારે ખાણ ખોદનારાઓ કોલસાની ખાણમાં કામ કરતા હતા, ત્યારે તેઓએ ગાજવીજ કરતાં એક વધારે મોટો અવાજ સાંભળ્યો. એક પળમાં દરેક દિવો બુઝવાઇ ગયો, અને ભાયડાઓ અને છોકરાઓ પોતાનાં હથિયારો ફેંકી દઇને દોડી ગયા.

૨. મંગળવારની સવાર થઇ છે. માણસો ખાણમાં જવાના માર્ગની તળેટીએ પ્હોંચે છે, અને તેમની સંખ્યા ગણે છે. પાંચ ખોવાઇ ગયલા છે, ચાર ભાયડાઓ અને એક રૉબર્ટ લૅસ્ટર નામનો ખાંણનાં મોઢાં આગળ બેસનાર નાનો છોકરો. ઉપરના લોકો તે ઘોંઘાટ સાંભળે છે, અને ખાણના મોઢાં તરફ ધસી જાય છે. કામદારોને ઉપર ખેંચી કાઢવામાં આવે છે, અરે જેઓ પછવાડે રહી ગયા છે તેમની મા અને બાયડીઓની વેદના કેવી હશે!

૩. બહાદુર માણસો તેમના બચાવ માટે પાછા જાય છે. જ્યારે તેઓ તે જગા ઉપર જઈ પ્હોંચે છે ત્યારે તેમને નાશના ઢગ શિવાય બીજું કાંઇ જણાતું નથી. તેઓ બુમ પાડે છે, પણ તેનો જવાબ મળતો નથી. રસ્તો ખુલ્લો કરી નાખવાને કોડાળી અને પાવડા ઉંચ-

કાય છે. કામ ભારી મહેનતનું છે અને તેમાં મોટા જોખમ સમાયલો છે. માણુસો સઘળા ભાગો તરફથી પોતાની મદદ આપવા માટે ટોળાંબંધ આવે છે, તેઓ કેવા કામ કરે છે!

૪. રાત પડતાં તેમને કાંઇ સંભળાય છે. તે કાંઇ (કોઇને) સાદ નથી પણ ઠોકવાનો અવાજ છે. તે બરાબર સંભળાઈ શકે છે. કલિંક, કલિંક, કલિંક, કલિંક, કલિંક! પાંચ વખત, અને પછી બંધ પડયો. કલિંક, કલિંક, પાંચ વખત ફરીથી, અને પાછો તે અટકયો. પાંચ વધારે અને પછી ખાંચો.

૫. એનો શો અર્થ હશે? એક માણુસે અટકલ કીધી. પાંચ ખોવાઇ ગયા હતા, અને પાંચ ઠોકા એવું દેખાડતા હતા કે સઘળા પાંચે જીવતા હતા અને છુટકારાની રાહ જોતા હતા. ખાણુમાંથી ખુશાલીનો પોકાર ઉપર નીકળ્યો.

૬. પેલા ગરીબ બંધ થઇ ગયલાઓ શી હાલતે છે? તે ઓચિંતા અને ભયંકાર અવાજથી બાકીનાઓની માફક તેઓ બિધા હતા. નાનો રૉબર્ટ પોતાનું બારણું છોડી તે માણુસો આગળ દોડયો, જેઓ શું બન્યું હતું તે સારી પેઠે સમજતા હતા. જ્યાંસુધી દરેક ચીજ શાંત થઇ ત્યાંસુધી ખોટી રહી જે માર્ગ રૉબર્ટ મૂકી આવ્યો હતો તે તપાસવાને તેઓ આગળ ગયા. તે બંધ થઈ ગયો હતો. તેઓએ એક બીજો તપાસ્યો; તેપણ બંધ થઇ ગયો હતો. અરે કેવો ભયંકાર વિચાર–તેઓ જીવતા દટાઇ ગયા!

૭. પેલા માણુસો છોકરા આગળ ગયા. "હું ઘર જવા માગું છું, મેહેરબાની કરી મને ઘર જવાદો" નાનો રૉબર્ટ બોલ્યો. "હા, હા, મારા નાના છોકરા," ત્રુમૅન માયાળુ તોપણ ખોખરા અવાજે બોલ્યો. "જેવો આપણુને બાહેર જવાને માટે રસ્તો મલશે તેવો હું તને મોકલીશ." હવા ઘેરાયલી અને ગુંગળાવી નાખનારી થઇ, અને તેઓ પોતાના તેલના ડાબડા અને ખોરાકના કોહળા ખાણુ માહેલો એક રસ્તો કે જ્યાં વધારે સારૂ હતું ત્યાં લઇ ગયા.

૮. દતાઇ ગયલા કાપનારા-મજુરો માંહેલા બે જણ, ત્રુમૅન અને લૉગન ધર્મી પુરૂષો હતા. "કેમ, જેમ્સ, હવે આપણે બીજું શું કરીશું ?" ત્રુમૅને પુછ્યું.

"આપણે માટે માત્ર એકજ ચીજ કરવાની રહી છે," લૉગન બોલ્યો. "ખોદા કહે છે કે દુઃખના વખતમાં મારી મદદ લેવા આવજે; હું તારો છુટકારો કરીશ."

૯. તેઓ સઘળા ઘુંટણીએ બેઠા. ગરીબ નાનો રૉબર્ટ પોકેપોક રડયો. પણ જયારે બે ખાણ ખોદનારાઓએ બંદગી કીધી—પ્રથમ એકે અને પછી બીજાએ,—ત્યારે સઘળાઓનાં જીગર હલકા પડયાં અને નાના દરબાને પણ પોતાનાં આંસું લુછી નાખ્યાં.

૧૦ તેઓએ ત્યાર પછી પોતાની કોડાલી ઉપાડી; પણ તે મટોડાં અને પથરાના ભયંકર ઢગલાને કાપી કાઢીને ઉજરડું કરવાનું કામ કેવું નિરાશીનું દેખાયું! જ્યારે પોતાના મિત્રોનો બીજી બાજુ ઉપર કામ કરવાનો અવાજ તેઓએ સાંભળ્યો ત્યારે તેમની છાતી ખુશી અને આશાથી ઢબકવા લાગી. તેજ વખતે તેઓએ પોતાની કોડાળી વડે 'કલિંક, કલિંક' ના અવાજ કીધા, જે તેમના છુટકારો કરનારાઓએ સાંભળ્યા હતા અને જેથી તેમનાં કામમાં તેમને એટલી બધી ઉલટ મળી હતી.

૧૧. બુધ, બ્રેસ્પત, શુક્ર વહી ગયા, અને કાંઇ છુટકારો થયો નહિ. કેવા અંધારા અને ભયંકાર દિવસો! સઘળાં કરતાં વધારે ખરાબી એ હતી કે પેલી તરફના અવાજો વધારે નજદીક આવતા જણાવા લાગા નહિ. આખરે શનિવાર આવ્યો. આ પાંચમો દિવસ હતો; અને બહારના માણસો સમજ્યા કે હવે એક પળ ખોવાય એવું ન હતું. તેઓ એટલા આતુર હતા કે તેમનાથી બોલાય પણ નહિ. પ્યારી જીંદગી માટે માત્ર બસ કામ, કામ, ને કામ કરવાનું હતું. કલાકો સુધી તેઓએ કાંઇ ઠોકા સાંભળ્યા નહિ. શું તેમના ગરીબ સાથીઓ મરણ પામ્યા હતા?

૧૨. એકાએક ભીતમાં ભોક પડયું; એક બગારૂં આરપાર પાડવામાં આવ્યું,—ધીમા સાદ સંભળાયા.

"ત્રુમૅન, તમે અહિં છો"—હા; સઘળા અહિં છે."

"સઘળા જીવતા ?"—"હા, ખોદાનો ઉપકાર માનો, સઘળા જીવતા છે."

"સઘળા જીવતા! સઘળા જીવતા!" તે માણસો પોકારી ઉઠયા; અને તે પોકાર ખાણને મથાળે ગયો. જ્યારે રૉબર્ટના બાપે સાંભળ્યું કે તેનો દીકરો જીવતો છે ત્યારે તે સારી ખબરથી તેને એટલો હર્ષ ઉપજ્યો કે તે બેશુદ્ધ થઈ જમીન ઉપર પડયો.

૧૩. એક કલાક વધારે, અને છુટકારો કરનારાઓ પોતાના સોબતીઓ આગળ જઇ પ્હોંચ્યા. તે મેલાપનું તેમજ જ્યારે પેલાઓને એક પછી એક રોશણીમાં આણવામાં આવ્યા ત્યારે તેમની બાયડી, મા, અને મિત્રોની ખુશાળી અને આભારનું વર્ણન કોણ કરી શકે? જ્યારે રૉબર્ટને કેડમાં ઉઠાવી મી૦ લૅસ્ટર નજરે પડયો ત્યારે ખુશાળીના પોકારથી હવા કેવી ગાજી રહી! "સલામત! સલામત! ખોદાની સ્તુતી કરો!"

The Sailor And The Dog.

ખલાસી અને કુતરો.

Sailor, *n.* (સેલર) ખલાસી, a mariner.

Wide, *a.* (વાઇડ) બોહોળા, extensive; open; high, [water.

Ocean, *n.* (ઓશન) મ્હાસાગર, a very large portion of salt

Raft, *n.* (રૅફ્ટ) તરાપો, float made of pieces of wood.

At a distance, ઘણે દુર, far off.

Floating, *p. pr.* (ફ્લોટિંગ) તરતો, swimming; moving on the surface of the water.

Captain, *n.* (કૅપ્ટન) નાખુદા, commander of a vessel. L. *Caput* the head.

Steer, *ger.* (સ્ટીર) હંકારવું, sail [or make straight.
Direction, *n.* (ડિરેક્શન) દિશા, side. L. *Dirigo* I direct.
Shipwrecked, *p. a.* (શિપરેક્ડ) વહાણ ભાગાથી સંકટમાં આવેલો. thrown into distress by the destruction of a ship.
(Was) lowered, *v. t. pas.* (લોવર્ડ) ઉતારવામાં આવ્યો, let down.
Sailors, *n.* (સેલર્ઝ) ખલાસીઓ, seamen; mariners; crew.
Rowed, *v. i.* (રોડ) હલ્લેસાં મારયાં, impelled by oars.
Occupants, *n.* (ઑક્યૂપૅન્ટ્સ) તે ઉપર હતાં તે, persons on it. L. *Ob, capio* I take.
Senseless, (સેન્સલેસ) મુવેલો હોય તેમ બેભાન, as if dead. L. *Sentio* I feel
Exhausted, *p. p.* (એક્ઝૉસ્ટેડ) લોથ થઈ ગયલો; થાકી ગયલો, worn out; tired. L. *Ex, haurio* I draw up.
Faithful, *a.* (ફેથફુલ) વફાદાર ; નિમકહલાલ, of true fidelity: loyal. L. *Fido* I trust.
Stupor, *n.* (સ્ટયૂપૉર) બેભાન હાલત, swoon ; fainting fit. L. *Stupeo* I am senseless.
Leaped, *v. i.* (લીપ્ડ) કુદી ગયો, jumped. [free.
Deliverance, *n.* (ડીલિવરૅન્સ) છુટકારો, rescue. L. *De, liber*
Recovered, *v. i.* (રીકવર્ડ) શુદ્ધીમાં આવ્યો, was restored to health ; revived from apparent death. L. *Re, capio* I take.
Sprung a leak, ગાબડું નિકળ્યું, let in water.
Crew, *n.* (ક્રૂ) ખલાસીઓની ટોળી, company of sailors.
(Had been) drifting, *v. i.* (ડ્રિફ્ટિંગ) ઘસડાતો ; તણાતો, driven by waves.

About, *adv.* (ઍબાઉટ) અહિં તહિં, to and fro, here and there; in all direction.

Dreary, *a.* (ડ્રીરિ) ભયંકર, terrible; tempestuous.

Dawn, *n.* (ડૉન) પરોઢયું; બામદાદ; ઉદય, break of day.

Senseless, *a.* (સેન્સલેસ) મુવેલો હોય તેમ બેભાન, as if dead.

Heaving, *p. a.* (હીવિંગ) ઉછળતો, swelling.

Sleepless, *a.* (સ્લીપલેસ) ઉંઘ વગરનો, without sleep.

(Is) striving, *v. i.* (સ્ટ્રાઇવિંગ) કોશીસ કરતો, making an effort; endeavouring.

Rouse, *ger.* (રાઉઝ) શુદ્ધિમાં લાવવો excite to action from a state of languor; awaken.

Swoon, (સ્વૂન) બેભાની, fainting fit.

Despair, *v. i.* (ડિસ્પેર) નિરાશ બનવું, lose hope. L. *De*, *spero* [I hope

Distant, *a.* (ડિસ્ટન્ટ) દુરનું, remote. L. *Dis*, *sto* I stand.

Rolling, *p. a.* (રોલિંગ) ઉછાળા મારતા, moving tumultuously; raging.

Eager, *a.* (ઇગર) આતુર, anxious. L. *Acer.* sharp.

Is borne, *v. t. pas.* (ઇઝ બોર્ન) જાય છે, is carried.

Breeze, *n.* (બ્રીઝ) લેહેરકી, gentle gale.

Gallant, *a.* (ગૅલન્ટ) બ્હાદુર, brave.

Tars, *n.* (ટાર્સ) ખલાસીઓ, sailors.

Prepare, *v. t.* (પ્રીપેર) તૈયારી કરે છે, make ready before-hand. L. *Pre*, *paro* I get ready.

Launch, *inf.* (લૉન્શ) ઝોકાવવું, cause to slide into the water. L. *Lancea* a spear.

Blessed, *a.* (બ્લેસ્ડ) સુખવાસી, happy.

Sufferings, *n.* (સફ્રિંગ્ઝ) સંકટ, sorrows; distress. L. *Sub*, *fero* I bear.

Prayer, *n.* (પ્રેઅર) બંદગી; દુવા, request. L. *Præcor* I pray.

Mercy, *n.* (મર્સિ) દયા, grace. L. *Merces* reward.

Darkest, *a.* (ડાર્કેસ્ટ) અતિ દુખદાયક, gloomiest; most unhappy.

Trust, *inf.* (ટ્રસ્ટ) ભરોસો રાખવો, put faith in; rely on.

Almighty, *n.* (ઑલ્માઇટિ) સર્વ શક્તિવાન; ખોદા, all powerful God.

Protects, *v. i.* (પ્રોટેક્ટ્સ) રક્ષણ કરે છે, saves. L. *Pro*, *tego* I cover.

Despair, *v. i.* (ડીસ્પેર) નિરાશ, lose hope.

ખલાસી અને કૂતરો.

૧. એક વેળા એક વહાણ ઓહોળા મહાસાગર ઉપર હંકારતું હતું, જ્યારે મોજા ઉપર એક તરાપો તરતો દુરથી જણાયો. વહાણના નાખુદાએ તે દિશા તરફ વહાણ હંકારવાને પોતાના માણસોને હુકમ કીધો, કારણ કે તેને એવો વિચાર આવ્યો કે તરાપા ઉપર કોઇ ભાગેલાં વહાણમાંના કેટલાંક માણસો હશે. જ્યાં સુધી સેવટે એક કૂતરો અને કોઇ માણસનાં જેવું તેમને દેખાયું ત્યાંસુધી તેઓ તેની (તરાપાની) વધારે નજદીક આવતા ગયા. ત્યાર પછી વહાણ ઉપરથી મછવો ઉતારવામાં આવ્યો, અને કેટલાક ખલાસીઓ તરાપા તરફ ઝડપથી હલ્લેસાં મારી ગયા.

૨. તે (તરાપા) ઉપર માત્ર એક જુવાન ખલાસી અને એક કૂતરો હતો. ખલાસી તરાપા ઉપર બેભાન અને થાકી ગયલો પડેલો જણાયો હતો જ્યારે તેનો નિમકહલાલ કૂતરો તેની ઉપર વાંકો વળીને તેને તેની બેસુદ્ધીમાંથી હુશિયાર કરવાની તજવીજ કરતો ઉભો હતો. તેને મછવામાં ઉપાડી લેવામાં આવ્યો, અને કૂતરો તેમના છુટકારા માટે ખુશીથી ભરતો તેની પુઠે કુદી પડયો. ખલાસીઓ તૂર્તજ વહાણ તરફ હલ્લેસાં મારી ગયા, અને ભાગેલાં વહાણનો ગરીબ છોકરો નાખુદાની માયા ભરેલી સંભાળથી જલદીથી સાજો થયો.

૩. તેણે તેમને કહ્યું કે એક અઠવાડયાંની વાત ઉપર જે વહાણમાં તે હતો તેને ગાબડું પડયું અને સઘળા ખલાસીઓમાં તે એકલોજ બચ્યો હતો. દહાડા અને રાતો સુધી ઓહોળા મહાસાગર ઉપર પોતાની નજદીક પોતાના નિમકહલાલ કૂતરા શિવાય કોઇ પણ વગર અહિંતહિં ધસડાયા કીધો હતો.

૪. ભયંકાર રાત ગુજરી ગઈ અને આકાશમાં બામદાદ થઇ હતી પણ પેલો ભાગેલાં વહાણ ઉપરનો ખલાસી પોતાના ઉછળતા (મોજા ઉપરના) તરાપા ઉપર બેભાન પડેલો હતો.

૫. તોપણ તે ખલાસીને પોતાની બેભાનીમાંથી શુદ્ધિમાં આણવાને અને નાશીપાસ ન થવું એમ કહેવાને તેનો ઊંઘ વગરનો, સાવધ, નિમકહલાલ મિત્ર, તેનો કૂતરો યત્ન કરતો હતો.

૬. ઊછળતા મોજા ઉપર કૂતરાએ દુરથી (પસાર થતાં વહાણનો) સઢ દીઠો; (અને) મદદને માટે કૂતરાનો મોટેથી ઉલટનો ભસવાનો અવાજ પવનની લેહેકી સાથે ધસડાઇ ગયો.

૭. અને વહાણ વધારે નજદીક આવતું ગયું અને તરાપા આગળ પ્હોંચવાને મછવો ઝોંકાવવાને બહાદુર ખલાસીઓએ તૈયારી કીધી; અરે, હવે કોણ નિરાશ બને ?

૮. બનચ્યા! તેઓ બનચ્યા છે! રે કેવો શુભ દિવસ! કૂતરો અને ભાગેલાં વહાણ ઉપરનો છોકરો, સંકટમાંના એક વેળાના સોબતીઓ અને હવે ખુશાલીમાંના સોબતીઓ બનચ્યા છે.

૯. જ્યારે સઘળી તરફથી મોટી નિરાશી હતી ત્યારે ઇશ્વરે તેની દુવા કેવી સાંભળી હતી, અને દયા કરીને તેને માટે કેવી મદદ મોકળી હતી તે પોતાને વતન જઇ કેહેવાને ખલાસી જીવતો રહ્યો હતો.

૧૦. એ ઉપરથી સર્વ શક્તિવાન ઇશ્વરની સંભાળ ઉપર સૌથી (નિરાશ) કલાકોમાં પણ ભરૂસો રાખવાને શિખજો; તેની આંખ જુવેછે, તેનો હાથ બચાવે છે—ત્યારે, અરે કોણ નિરાશ બને !

The Wonderful Pudding.
અજાયબ જેવું પુડિંગ.

Wonderful, *a.* (ઉવન્ડરફુલ) અજાયબ જેવું, curious.

Pudding, *n.* (પુડિંગ) પુડિંગ, a species of food of a soft consistence variously made.

Robert, *n.* (રૉબર્ટ) નામ "રૉબર્ટ," the name of a man.

Asked us to dinner, બપોરે જમવા બોલાવ્યા, invited us to dine with him.

Materials, *n.* (મટીરિયલ્ઝ) જે ચીજોનું તે બનાવેલું, things it was made of. L. *Materia* matter.

To-morrow, *n.* (ટુ-મૉરો) આવતી કાલ, the day after to-day.

Breakfast, *n.*(બ્રેકફૅસ્ટ) નાસ્તો, morning meal.

Prepared, *v. t.* (પ્રીપેર્ડ) તૈયાર થયા, became ready. L. *Pre, paro* I get geady.

Got, *v. i.* (ગૉટ) ગયા, went.

Were surprised, *v. t. pas.* (ઉવેર સર્પ્રાઇઝ્ડ) અચરત થયા, were struck with astonishment. L. *Super, prehendo* I seize. [L. *Utor* I use.

As usual, *adv.* (ઍઝ યૂઝુઅલ) રાબેતાની માફક, as ordinary.

Dishes, *n.* (ડિશીઝ) રકાબીઓ, plates.

(Were) removed, *v. t. pas.* (રીમૂવ્ડ) લઇ ગયા, taken away. L. *Re, moveo* I move.

Eagerly, *adv.* (ઇગર્લિ) આતુરતાથી, anxiously; with great interest. L. *Acer* sharp.

(Were) fixed, *v. t. pas.* (ફિક્સ્ડ) ટાંકેલી હતી, settled; aimed. L. *Figo* I fix.

Usual, *a.* (યૂઝુઅલ) સાધારન, ordinary. L. *Utor* I use.

Not a bit, જરા પણ નહિ, not in the least.

Promised, *v. t.* (પ્રૉમિસ્ડ) કબુલાત આપી, engaged to give. L. *Pro, mitto* I send.

Indeed, *adv.* (ઇન્ડીડ) ખરેખર, really.

Slate, *n.* (સ્લેટ) પથ્થર પાટી, piece of smooth stone used [for writing on.

Count, *ger.* (કાઉન્ટ) ગણવું, reckon. L. *Con, puto* I reckon.

Flour, *n.* (ફ્લૅાર) આટો, the finest part of wheat-corn. [L. *Flos* a flower.

Laboured, *v. i.* (લેબર્ડ) મેહેનત કીધી, worked. L.*Labor* labour.

Procure, *ger.* (પ્રોક્યુર) મેળવવા, obtain. L. *Pro, curo* I care for.

(Must have) ploughed, *v. t. pas.* (પ્લાઉડ) ખેડેલી, turned [up with a plough.

(must have) harrowed, *v.t.pas.* (હૅરોડ) ચાસ પાડેલા, broken up with a harrow.

(Must have) sowed, *v. t. pas.* (સોડ) બિ વાવેલાં, scattered [over with seeds.

(Must have) reaped, *v. t. pas.* (રીપ્ડ) કાપણી કરેલી, cut; cleared off.

Plough, *n.* (પ્લાઉ) હળ, instrument for cleaving and turning up the soil.

Harrow, *n.* (હૅરો) દાંતાળો, frame of timber, set with teeth, to be dragged over ploughed land to level it.

Miners, *n.* (માઇનર્ઝ) ખાણ ખોદનારા, those who dig for minerals.

Smiths, *n.* (સ્મિથ્સ) લુહારો, those who work in metals.

Carpenters, *n.* (કાર્પેન્ટર્ઝ) સુથાર, those who work in timber. L. *Carpentum* a waggon.

Leather, *n.* (લેધર) સાફ કરેલું ચામડું, dressed hide.

Harness, *n.* (હાર્નેસ) હારનીસ, ઘોડાની હાંસરી, straps and chains. [*tawny*

Tanned, *pas. inf.* (ટૅન્ડ) ચામડું કેળવેલું, made brown or

Builders, *n.* (બિલ્ડર્ઝ) બાંધનારા, constructors. [square.

Quarried, *v. t.* (ક્વૉરિડ) ખોદી કાઢ્યું, dug out. L. *Quadro* I

Machine-work, *n.* (મશિન-ઉવર્ક) સાંચાકામ,, machinery implements.

Plum, *n.* (પ્લમ) આળુ, a kind of fruit. [lemon.

Lemon-peel, *n.* (લિમન-પીલ) લિંબુની છાળ, the rind of a

Spices, *n.* (સ્પાઇસીઝ) મસાલા, a vegetable production, aromatic to the smell and pungent to the taste. L. *species* spices.

Distant, *a.* (ડિસ્ટન્ટ) દુરના, remote. L. *Dis*, *sto* I stand.

Sailors, *n.* (સેલર્ઝ) ખલાસીઓ, seamen ; mariners.

Growers, *n.* (ગ્રોઅર્ઝ) ઉગાડનારા, those who grow or raise.

Merchants, *n.* (મર્ચન્ટ્સ) વેપારીઓ, those who export and import goods and sell them wholesale. L. *Mercor* to trade. [drugs, tea, sugar &c.

Grocers, *n.* (ગ્રોસર્ઝ) ગાંધીઓ, merchants who deal in

(Have been) employed, *v. t. pas.* (એમપ્લૉય્ડ) કામે લાગેલા, engaged. L. *In*, *plico* I fold,

Need, *v. t.* (નીડ) જોઇએ, require, want. [tallow.

Suet, *n.* (સ્યૂએટ) ચરબી, the fat of an animal. L. *Sebum*

Colliers, *n.* (કૉલ્યર્ઝ) કોલસાની ખાણમાં કામ કરનારા, those who work in coal mines. [in.

Sauce-pan, *n.* (સૉસપૅન) સાસની કડઇ, pot to prepare sauce

Linen, *n.* (લિનન) સનતું કપડું, cloth made of flax.

(Was) wrapped, *v. t.* (રૅપ્ડ) વિંટાલેલું, covered.

Flax, *n.* (ફ્લૅક્સ) સણ, a plant the fibers of which are formed into threads.

Gather, *v. t.* (ગૅધર) એકઠું કરવું, collect into a mass.

Card, *v. t.* (કાર્ડ) પીંજવું, comb with a card.

Spin, *v. t.* (સ્પિન) કાંટવું, make into thread.

Weave, *v. t.* (ઉવીવ) વણવું, make into cloth.

Looms, *n.* (લૂમ્ઝ) સાલ, frames in which a weaver works threads into cloth.

(Were) satisfied, *v.t.pas.* (સૅટિસફાઇડ) ખાતરી થઈ, convinced. L. *Satis*, *facio* I make.

Employed, *v. t.* (એમપ્લૉય્ડ) રોકાયા હતા, engaged.

અજાયબ જેવું પુડિંગ.

૧. એક દિવસ અમારા રૉબર્ટ કાકા અમારે ત્યાં આવ્યા, અને અમને જમવાનું નોતરૂં દીધું. તેઓ બોલ્યા કે હું તમને એવું પુડિંગ ખવડાવીશ કે જેની બનાવતની ઝીણસોએ હજાર કરતાં વધુ માણસોને કામ આપ્યું હોય !

૨. "પુડિંગ કે જે બનાવવાને હજાર માણસો કામે લાગ્યાં હોય! ત્યારે તે દેવળ જેટલું મોટું હોવું જોઇએ !"

રૉબર્ટ કાકા બોલ્યા, "વારૂં મારા છોકરાઓ, આવતી કાલે બપોરનાં જમણ વખતે તમે તે જોશો."

૩. બીજે દિવસે અમોએ અમારો નાસ્તો બરાબર લીધો નહિ લીધો એટલામાં કાકાને ઘરે જવાને અમોએ તૈયારી કીધી.

જ્યારે અમે ત્યાં જઈ પુગા ત્યારે દરેક ચીજ રાબેતાની માફક શાંત અને ગુપચુપ જોઈને અમે અજબ થયા.

૪. આખરે અમે જમવા બેઠાં. પહેલી રકાબીઓ ઊચકી લેવામાં આવી. અમારી નજર બારણા ઉપર ઉલટથી ટાંકેલી હતી. પુડિંગ અંદર આવ્યું. તે સાધારન જાતનું પ્લમ પુડિંગ હતું અને તે કરતાં લગારે વધારે મોટું નહિ !

૫. મારો ભાઇ બોલ્યો, "તમે જે કબુલેલું હતું તે આ પુડિંગ નથી." રૉબર્ટ કાકા બોલ્યા, "ખરે, તેજ છે."

"રે કાકા ! તમે એવું કહેવા નથી માગતા કે તે નાનું પુડિંગ બનાવવાને હજાર કરતાં વધારે માણસો કામે લાગ્યા છે!"

૬. રૉબર્ટ કાકા બોલ્યા, "મારા છોકરા, તે માહેલું થોડુંક પેહેલાં ખા; અને પછી તારી પાટી અને લેખણ લે, અને કામદારો ગણવામાં મને મદદ થા."

૭. રૉબર્ટ કાકાએ કહ્યું "હવે, આ પુડિંગ બનાવવાને આપણને પ્રથમ આટો જોઇએ; અને તે મેળવવા માટે કેટલા લોકોએ મેહેનત કરી હશે! જમીનને ખેડી હશે, ચાશ પાડયા હશે, વાવણી અને રોપણી કરી હશે. હળ અને દાંતાળા બનાવવાને ખાણ ખોદનારાઓ, લુહારો, અને સુથારોએ મેહેનત કરી હશે.

૮. "ઘોડાઓ માટે હાસરી સારૂં ચામડાં સાફ કરવા પડયાં હશે, અને હારનીસ બનાવનારાઓ માટે તૈયાર કર્યાં હશે. વળતી મીલ બાંધનારાઓ, અને જે માણસોએ પથ્થરની ખાણ ખોદી હશે, અને મીલનું સાંચા કામ બનાવ્યું હશે તે ગણવા જોઇએ.

૯. "પછી આળુનો, લીંબુની છાલનો, મસાલાનો ને ખાંડનો વિચાર કરો; એ સઘળાં દુરના દેશોમાંથી આવ્યાં; અને તેમને અહિં આણવાને, વહાણો, વહાણ બાંધનારાઓ, સઢ બનાવનારા, ખલાસીઓ, ઉગાડનારા, વેપારીઓ, અને ગાંધીઓ કામે લાગ્યા હશે.

૧૦. "ત્યાર પછી આપણને ઈંડાં, દુધ અને ચરબી જોઇએ."

હું બોલ્યો, " રે, સબર કરો, સબર કરો કાકા! મારી ખાતરી થઈ છે કે તમે હજાર ગણ્યા છે."

૧૧. "મારા છોકરા મેં સઘળાઓને ગણ્યા નથી. આપણને પુડિંગ ભુજવું જોઇએ; અને પછી કોળસાની ખાણ ખોદનારા જેઓ આપણને કોળસો આણી આપે છે તેઓ, અને કઢઇનું વાસણ બનાવવા માટે લોખંડ અને કલઈ માટે જેઓ ખોદે છે તે ખાણ ખોદનારાઓ આપણે ગણવા જોઇએ.

૧૨. "ત્યાર પછી જે સણનાં કપડાંમાં તેને વિટાળ્યું હતું તે કપડું છે. આ બનાવા માટે જેઓ સન ઉગાડે છે, અને એકઠું કરે છે, અને પીંજે છે, અને કાંટે છે, અને વણે છે તેઓને અને જે સઘળા કારીગરો સાલ અને યંત્રો બનાવે છે તેમને આપણે ગણવા જોઈએ."

૧૩. રૉબર્ટ અને હું બન્ને બોલ્યા કે હજાર કરતાં વધારે માણસો રોકાયા હતા તે વિશે અમારી તદન ખાતરી થઇ હતી.

Stories of Monkeys.

વાંદરાઓની વાતો.

Monkeys, *n.* (મંકિસ) વાંદરાઓ, Any one of the quadrumana excluding apes, baboons and lemurs.

Sailor, *n.* (સેલર) ખલાસી, mariner, seaman.

Ashore, *adv.* (ઍશોર) કિનારે, on the shore or land.

Coast, *n.* (કોસ્ટ) કોસ્તો; કિનારો, seashore. L. *Costa* a side.

A number of caps, સંખ્યાબંધ ટોપીઓ, numerous caps.

Woollen, *a.* (ઉલન) ઉનની, made of wool.

Caps, *n.* (કૅપ્સ) ટોપીઓ, coverings for the head.

Sale, *n.* (સેલ) વેચાણ, the exchange of a commodity for money.

Town, *n.* (ટાઉન) શેહેર, city.

To pass, *inf.* (ટુ પાસ) જવું to travel; to go.

Forest, *n.* (ફૉરેસ્ટ) જંગલ, large wood.
Troops, (ટ્રૂપ્સ) ટોળાં, crowds ; great numbers.
Everywhere, *adv.* સઘળે ઠેકાણે, in all places.
Climbing, *p. pr.* (ક્લાઇમ્બિંગ) ચઢતાં, ascending ; going up.
Noon, *n.* (નૂન) બપોર, the time of midday. [*Rectus* right.
Right, *adv.* (રાઇટ) બરાબર, સીધો, exactly ; straight. L.
Overhead, *adv.* (ઓવરહેડ) માથાં ઉપર, above the head; aloft.
Shelter, *n.* (શેલ્ટર) છાંયડો; આશરો, protection.
Burning, *p. a.* (બર્નિંગ) દઝારી મુકતાં, scorching; hot.
Rays, *n.* (રેઝ) કિરણ, beams.
To rest, *ger.* (ટુ રેસ્ટ) આશાયસ લેવાને, to repose.
Shade, *n.* (શેડ) છાયડો, shelter.
Fast asleep, ભર ઉંઘમાં, in a sound sleep.
Awoke, *v. i.* (ઍવોક) broke from sleep; was roused from sleep. [ment.
Amazement, *n.* (એમેઝમેન્ટ) અચરતી, surprise ; astonish-
Unusual, *a.* (અનયૂઝુઅલ) અસાધારન, not often heard . extraordinary ; not common. L. *Un*, *utor* I use;
Chattering, *v. n.* (ચૅટરિંગ) કચકચાટ, noise ; clashing.
Dense, *a.* (ડેન્સ) ખીચોખીચ, close ; thickly set.
Branches, *n.* (બ્રૅંચીઝ) ડાળીઓ, boughs.
Alive, *a.* (ઍલાઇવ) ભરાઇ ગયલું, full of.
Mimics, *n.* (મિમિક્સ) નકળખોરો, imitators.
Proceedings, *n.* (પ્રોસીડિંગ્ઝ) કામ, doings. L. *Pro*, *cedo* I go.
Adorned, *v. t.* (ઍડોર્ન્ડ) સણગાર્યાં, dressed.
Pates, *n.* (પેટ્સ) માથાં, heads ; crowns of the heads.

Booty, *n.* (બૂટિ) ચોરેલી ચીજ, stolen thing; plunder.
Gave no heed to, દરકાર કરી નહિ, did not care for.
Shouts, *n.* (શાઉટસ) બુમ, cries.
Grinned, *v. i.* (ગ્રિન્ડ) દાંત દેખાડયા, set the teeth together and opened their lips. L. *Ringor* to open the mouth wide.
Rage, *n.* (રેજ) ગુસ્સો, anger. L. *Rabo* I rave.
Attempt, *n.* (ઍટેમ્પ્ટ) કોશીસ, endeavour. L. *Ad*, *tento* I try.
Fruitless, *a.* (ફ્રુટલેસ) વ્યર્થ; ફોકટ, unsuccessful; in vain. L. *Frux* fruit.
Pulled off, *v. t.* (પુલ્ડ ઑફ) જોરથી ખેંચી કાઢી, drew forcibly. L. *Vello* I pluck.
Thieving, *p. a.* (થીવિંગ) ચોરતા, stealing.
Rogues, *n.* (રોગ્ઝ) ભામતા, vagabonds.
No sooner than, જેવું–તેવુંજ, as soon as.
Surprise, *n.* (સર્પ્રાઇઝ) અચરતી, astonishment. L. *Super*, *prehendo* I catch.
At once, *adv.* (ઍટ ઉવન્સ) તરતજ, immediately.
Snatched, *v. t.* (સ્નૅચ્ડ) ઝડપથી લીધી, seized hastily.
Regained, *v. t.* (રીગેન્ડ) પાછી મેળવી, gained back.
Triumph, *n.* (ટ્રાયમ્ફ) મોટી ખુશાલી, great joy.

Rules, *n.* (રૂલ્ઝ) કાયદા, regulations.
Port, *n.* (પૉર્ટ) બંદર, harbour. *Portus* a harbour.
Forbids, *v. t.* (ફર્બિડ્ઝ) મના કરે છે, prohibits.
Penalty, *n.* (પેનલ્ટિ) ગુનાહગારી; દંડ, fine. L. *Pœna* punishment.

Under a heavy penalty, જો કાયદો તોડવામાં આવે તો ભારી દંડની શિક્ષા થાય, if the rule were violated a heavy fine was laid.

Firing, *v. n.* (ફાયરિંગ) ફોડવાનું, discharge.

Vessel, *n.* (વેસ્લ) વહાણ, ship.

Armed-ship, *n.* (આર્મ્ડ-શિપ) તોપવાળું વહાણ, a ship with guns.

Voyage, *n.* (વૉયેજ) જળ પ્રવાસ; દરિયાઈ મુસાફરી, journey by water. L. *via* a way.

Touched, *v. i.* (ટચ્ડ) લંગર કર્યું હતું, anchored; harboured.

Fired, *v. t.* (ફાયર્ડ) ફોડી હતી, discharged.

Salute, *n.* (સૅલ્યૂટ) સલામતી; માનખાતર તોપો ફોડવાનું, discharge of guns out of respect. L. *Saluto* from *salus* sound.

Anchoring, *v. n.* (ઍંકરિંગ) લંગર નાખતાં, letting down the anchor.

Naturally, *adv.* (નૅચરલિ) કુદરતી રીતે, સ્વભાવિક રીતે, by the impulse of nature. L. *Natus* born.

Anchor, *n.* (ઍંકર) લંગર, iron instrument for holding a ship at rest in water. L. *Ancora* a curve.

Dropped, *p. p.* (ડ્રૉપ્ડ) નાખેલું let down into water.

Resolved, *v. t.* (રીઝૉલ્વ્ડ) ઠરાવ કીધો, determined; made up his mind. L. *Re, solvo* I loose.

Rather, *adv.* (રાધર) એથી બેહેતર; બલકે, with better liking.

Accordingly, *adv.* (ઍકૉર્ડિંગ્લિ) (આ ઠરાવ) મુજબ, agreeably to this resolution. L. *Ad, cor cordis* the heart.

Attention, *n.* (ઍટેન્શન) ધ્યાન, mind L. *Ad, tendo* I stretch.

(Was) engaged, *v.* t. *pas.* (એન્ગેજ્ડ) ઉલટથી લાગેલું હતું, fixed; earnestly employed.

Arrival, *n.* (ઍરાઇવલ) આવી પ્હોંચવા, coming; reaching. L. *Ad*, *ripa* a shore.

Cooking-place, *n.* (કૂકિંગ-પ્લેસ) રાંધણી, kitchen.

Tongs, *n.* (ટૉંગ્ઝ)ચીપીઓ, an instrument of metal consisting of two long shafts joined at one end by which tight hold is taken of any thing. L. *Teneo*, I hold. [ignited.

Live, *a.* (લાઇવ) બળતો; સળગેલો, burning; containing fire;

Touch-hole, *n.* રંજક સૂરાખ, hole for firing.

At once, *adv.* (ઍટ ઉવન્સ) તરતજ, forthwith.

Neighbourhood, *n.* (નેબરહૂડ) પડોસ, vicinity ; the adjoining place.

(Was) startled, *v.t. pas.* (સ્ટાર્ટલ્ડ) ગભરાઇ ગયું; ચોંક્યું, alarmed.

Roar, *n.* (રોર) ભારી અવાજ, loud sound.

Cannon, *n.* (કૅનન) તોપ, gun. L. *Canna* a reed-pipe.

Captain, *n.* (કૅપ્ટેન) નાખુદા; કપતાન, chief officer in a ship. L. *Caput* the head.

(Was) prosecuted, *v. t. pas.* (પ્રોસીક્યૂટેડ) આરોપ મુકવામાં આવ્યો, charged with the offence. L. *Pro*, *Sequor* I follow.

Breaking, *v. n.* (બ્રેકિંગ) તોડવું તે, violating.

Could clear, *v. t.* છુટી શક્યો, was able to acquit.

Proving, *n.* (પ્રૂવિંગ) સાબેત કરતાં, establishing the truth on evidence. L. *Probo* I prove.

વાંદરાઓની વાતો.

૧. એક ખલાસી એક વખત દક્ષિણ અમેરિકાના કિનારાપર ગયો હતો, તેની પાસે રાતી ઉનની સંખ્યાબંધ ટોપીઓ વેચવાની હતી. કિનારાથી થોડેક તફાવતે એક શેહેરમાં જતી વખતે તેને એક જંગલમાંથી જવું પડયું હતું, કે જે જંગલમાં વાંદરાઓનાં ટોળાં દરેક ઠેકાણે ઝાડોપર ચઢતાં નજરે પડતાં હતાં.

૨. બપોરના જયારે સુરજ બરોબર માથાપર આવ્યો હતો, ત્યારે તે ખલાસીને તપી જતાં કીરણોથી બચવાને છાયડો લેવાની ફરજ પડી. એક મોટાં ઝાડના છાયડામાં તે આરામ લેવા સુતો. પોતાની બીંદડીમાંથી એક ટોપી બાહેર કાઢીને તેણે પોતાના માથાપર પહેરી, અને તરતજ ભર ઊંઘમાં પડયો.

૩. જ્યારે તે ઉઠયો ત્યારે તેની ઘણીજ અજાયબી વચ્ચે તેને માલુમ પડયું કે સઘળી ટોપીઓ જતી રહેલી હતી! પોતાની ઉપરની ગીચ દાંખલીઓમાં ઘણાજ અસાધારણ દાંત કકડાવાના કીચકીચ કરતા અવાજ તેણે સાંભળ્યા, અને ઉપર જોતાં, તેણે તે ઝાડ વાંદરાઓનાં ટોળાંથી ભરેલું જોયું. દરેક વાંદરાના માથા ઉપર અકેકી રાતી ઉનની ટોપી હતી!

૪. તે નાના નકલ કરનારાઓએ તેણે જે કીધું તે બરાબર જોયું હતું, અને જ્યારે તે સુતો હતો ત્યારે તેની ટોપી ચોરીને પોતાને મળેળી લુટથી પોતાના કાળાં ટાળકાં સણગાર્યાં હતાં. તે વાંદરાઓએ તેના પોકારોની દરકાર કીધી નહિ, પણ તેના ગુસ્સા તરફ માત્ર પોતાના દાંત કચકચાવ્યા.

૫. પોતાની ટોપી પાછી મેળવવાની દરેક યુકતી વ્યર્થ ગયલી જોઇને, એક (ટોપી) જે પોતાના માથાપર પહેરેલી હતી તે કાઢી નાખી, અને જમીન ઉપર નાંખી મોટેથી બોલ્યો કે "નાના લુચ્ચા ચોરો, જો તમે બાકીની ટોપી રાખો, તો આ એક પણ રાખો."

૬. તેણે આ કીધું કે તરતજ તેની ઘણી અજાયબી વચ્ચે તે નાના જનાવરોએબી એકદમ તેજ પ્રમાણે કીધું. દરેક જને પોતાના માંથાપરથી ઝડપથી ટોપી કાઢીને તે જમીન ઉપર નાંખી. તે ખલાસીએ પોતાની સઘળી ટોપી પાછી મેળવી અને ખુશાલીમાં ચાલતો થયો.

---

૭. લન્ડનનાં બારાંના કાયદાઓમાં એક કાયદો ત્યાં લંગર કરી પડેલાં કોઇ પણ વહાણને ભારી શિક્ષાની ધમકીથી તોપ ફોડવાની મનાઇ કરે છે. એક મનવાર લાંબી સફરેથી પાછી ફરી હતી જે વખતમાં તે ઘણેક ઠેકાણે લાંગરી હતી, અને તે દરેકમાં લંગર કરતી વેળા સલામતીની તોપ ફોડી હતી.

૮. એક વાંદરો જે તે વહાણ ઉપર હતો તેણે જ્યારે લન્ડન ખાતે લંગર નખાતાં દીઠું ત્યારે આ (સલામતીની તોપ) શા માટે ફોડી નહિ તેથી સ્વભાવીક રીતે અચરત થઇને તે ફોડવાની રહી જાય તે કરતાં તે પોતે ફોડવી એવો તેણે ઠેડાવ કીધો.

૯. એ રીતે જ્યારે વહાણ આવી પ્હોંચવા ઉપર તે ઉપરના સઘળાઓનું ધ્યાન લાગ્યું હતું ત્યારે તે બબરચીખાણામાં ગયો, અને ચીપીઆવડે બળતો કોળસો બહાર કાઢયો, જે તેણે તોપો માંહેલી એકનાં રંજક શુરાક ઉપર લગાડયો; એટલે આખું પડોસ એકદમ ટોપના અવાજથી ચોંકી રહ્યું.

૧૦ કાયદો તોડવા માટે વહાણના નાખોદાની તપાસ ચાલી; અને વાંદરાએ તે તોપ ફોડી હતી એવું સાબેત કીધાથીજ તે પોતાને ગુનાહમાંથી છુટો કરી શકયો.

The Voice of Spring.
વસંતરૂતુનો અવાજ.

Voice, *n.* (વૉઇસ) અવાજ. mark of spring.

Spring, (સપ્રિંગ) વસંત રૂતુ, the season of the year when plants begin to vegetate and rise.

Pleasant, *a.* (પ્લેઝન્ટ) ખુશનુમા, agreeable ; pleasing. L. *Placeo* I please.
Sunshine, *n.* (સનશાઇન) તડકો, the light of the sun.
Laden, *p. p.* (લેડન) લાધેલું, [flowers.
Honey, *n.* (હનિ) મધ, sweet juice collected by bees from
Bee, *n.* (બી) મધમાખ, a small insect which makes honey.
Blossom, *n.* (બ્લૉસમ) ફુલની મોહોર, flowers.
Brief, *a.* (બ્રિફ) ટુંકો, short. L. *Brevis* short.
Hark, *v. t.* or *interj.* (હાર્ક) સાંભળો, listen.
(Is)humming, *v. i.* (હમિંગ) ઘું ઘું કરતી, buzzing.
Lark, *n.*(લાર્ક) ચંડુલ પક્ષી, a bird remarkable for its liveliness and its singing. [high up.
(Is) soaring, *v. t.* (સોરિંગ) ચઢે છે, ઉડે છે, rising; flying
Bright, *a.* (બ્રાઇટ) પ્રકાશિત, shining.
Gnats, *n.* (નૅટ્સ) મચ્છર, very small stinging insects.
Are on the wing, ઉડે છે, are flying.
Wheeling, *p. pr.* (વ્હીલિંગ) ગોળ ફરતાં, turning ; circling.
Airy, *a.* (ઍરિ) આનંદી, light; gay.
Ring, *n.* (રિંગ) કુંડાળું circle. [cat's tail.
Catkins, *n.* (કૅટકિન્સ) a kind of flower in shape like a
Cover, *v. t.* (કવર) ઢાંકી નાખે છે, પથરાઇ જાય છે, spread over. L. *Con, operio* I cover.
Slender, *a.* (સ્લેન્ડર) નાજુક; પાતળા, thin; delicate.
Willows, *n.* (ઉવિલોઝ) બામણું, trees with slender branches.
Mossy, *a.* (મૉસિ) લીલથી ઢંકાયલા, covered with moss.
Banks, *n.* (બૅંક્સ) કિનારા, borders.

Green, *n.* (ગ્રીન) લીલોતરીથી ભરેલું મેદાન, field covered over
with green grass. [stars.
